સુવિચાર
જયારે તમે પોતાનો નિર્ણય ખુદ કરશો ત્યારે તમારામાં નૂતન શકિત ઉભરશે.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૨/૦૮/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ અષાઢ વદ-૧૩ વર્ષ : ૧૫ અંક : ૧૯૮

પથરી - પ્રોસ્ટેટ - કીડનીની તકલીફ ?
ફ્રી નિદાન કેમ્પ...
ફ્રી ઓપરેશન...
નોંધઃ હોસ્પિટલમાં સોનોગ્રાફી ફ્રિ કરી આપવામાં આવશે.
જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રિ આપવામાં આવશે.
ડો.જય માકડીયા
યુરોલોજીસ્ટ
તારીખ : 03-0૮-૨૦૨૪,શનિવાર
સમય બપોરે ૦૨:૦૦ થી ૦૫:૦૦
કીડની
પ્રોસ્ટેટ
પથરી
Prostate Cancer
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૯૩૦૦૦

## શાળા પ્રવેશોત્સવ-૨૩ લખેલ સાયકલની ફાળવણી જ કરવામાં ન આવી

# અમરેલી આદર્શ નિવાસી શાળામાં સાયકલ બાળકોની જુએ છે રાહ

રાજય સરકાર શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરે અને બાદમાં અધિકારીઓ આગળની કાર્યવાહી હાથ ધરતા નથી

શાળા પ્રવેશોત્સવ-૨૪ પણ હોંશે હોંશે ઉજવાયો છતાં બાળકોને સાયકલ આપવામાં ન આવી

અધિકારીઓનો કાન આમળવાની સત્તા બંધારણે પદાધિકારીઓને આપી હોય તેઓએ જ કાંઈક કરવું પડશે

મુખ્યમંત્રીથી લઈને ધારાસભ્ય સુધીનાં તમામ પદાધિકારીઓએ કાળજી લેવી જરૂરી બની




અમરેલી, તા. ૧

અમરેલીનાં માંગવાપાળ ગામનજીકઆવેલઆદર્શનિવાસીશાળામાંઅંદરઅનેબહારનાંમેદાનમાંછેલ્લા એક વર્ષથી ગરીબ બાળકોને શાળાએ અભ્યાસઅર્થે અવર-જવર કરવા માટે વિનામૂલ્યે આપવાની સાયકલનો મસમોટો જથ્થો જોવા મળી રહ્યો છે અને સાયકલ ઉપર શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩ ઉલખેલ હોયછતાંહજુબાળકોસુધી સાયકલ કેમ ન પહોંચી તેવો વેધક પ્રશ્ન ઉભો થયો છે. રાજયસરકારધ્વારાદરવર્ષે જૂન મહિનામાં શિક્ષણને પ્રોત્સાહન આપવા શાળાપ્રવેશોત્સવ, કન્યા

અનુસંધાન પાના ૬ ઉપર

### બપોર બાદ જોરદાર ઝાંપટુ પડયું

## અરે વાહ : બાબરા પંથકમાં લાંબા સમય બાદ પુનઃ મેઘાવી માહોલ છવાતા ખૂશી

### ખેડૂતોમાં સારા વરસાદની આશા જાગી

બાબરા, તા. ૧

બાબરા શહેર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં બપોર બાદ વરસાદનું જોરદાર ઝાપટું પડી જતા શહેરની બઝારોમાંપાણીદોડવાલાગ્યાહતાતેમજ ગ્રામ્ય વિસ્તારોમાં નિલવડા, સુખપર સહિતના ગામડાઓ પણ વરસાદનું ઝાપટું પડીજતાખેડૂતોમાંહરખસમાય ગયો હતો અને સારા વરસાદની એક આશા બંધાણી હતી.

બાબરામાં હજુ પુરસમાં વરસાદની ખેડૂતો સહિત સૌ કોઈ રાહ જોઈને બેઠા છે. હાલ જે વરસાદ પડયો છે તેનાથી પાકને ફાયદો છે હજુ સારો વરસાદ પડે તો કુવા, બોરના તળ ઊંચા આવે, આગળ પિયત માટે ખેડૂતોને કોઈ મુશ્કેલીઓ ના પડે. હજુ બાબરા પંથકના રામપરા ડેમ, મેલડીમાં તળાવ અને




કરીયાણા તળાવ ભરાયા નથી માત્ર સામાન્ય નીરની આવક થઈ છે.

### પી.જી.વી.સી.એલ.એ શહેરીજનોમાં ફેલાયેલ ફફડાટને દુર કરવો જોઈએ

## દામનગરમાં યમદુત બનીને ઉભા હોય તેવા તમામ ટ્રાન્સફોર્મરને સુરક્ષિત કરવા માંગ

### કોઈ મોટો અકસ્માત થાય તે પહેલા આળશ ખંખેરો



દામનગર, તા. ૧

દામનગર શહેરમાં કેટલાક વિસ્તારોમાં વીજ ટ્રાન્સફોર્મરોને આજ સુધી સુરક્ષિત કરવામાં આવ્યા નથી. જેમાં કોળીવાડ નજીક આવેલ મોબાઈલ ટાવરને અડીને રહેણાંકી વિસ્તારમાં ટ્રાન્સફોર્મર ખુલ્લું હોય ગમ્મે ત્યારે અકસ્માત થવાની શકયતા રહેલી છે. મોટી દુર્ઘટના બને તે પહેલાં પી.જી.વી.સી.એલ. તંત્ર આવા ટ્રાન્સફર મરોને વહેલી તકે સુરક્ષિત કરે એવી જનતાની બુલંદ માંગ ઉઠી છે.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
62,650/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૦૧/૦૮/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

## એએચપીનાં આગેવાનોની ધરપકડને લઈને નારાજગી જોવા મળી

# અમરેલીમાં એએચપીનાં આગેવાનોએ કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું

હિન્દુ મંદિરોને તોડી પાડવા બાબતે નોટિસને લઈને રજૂઆત થતાં આગેવાનોની અટકાયત થઈ

એએચપીનાં રાજ્ય અને દેશનાં હોદ્દેદારોની ધરપકડ થતાં છોડી મુકવા માંગ

કલેકટર મારફત રાજયપાલને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું

એએચપીનાં અગ્રણી ડો. ગજેરા, ડો. દેશાણી સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા



અમરેલી, તા. ૧

અમરેલીનાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદનાં આગેવાનો ડો. ગજેરા, ડો. દેશાણી સહિતે આજે જિલ્લા કલેકટર મારફત રાજયપાલને આવેદનપત્ર પાઠવેલ.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, ગઈકાલ તા. ૩૧/૭/૨૧નાં રોજ એએચપી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ–કેન્દ્રિય મંત્રી રણછોડભાઈ ભરવાડ ધ્વારા ઉત્તર ગુજરાત પ્રાંત અધ્યક્ષ બચુભાઈ લાડવા તેમજ રાજુભાઈ પટેલની ખોટી રીતે ધરપકડ કરી છે. આ ખોટી અફવાનો ઉપયોગ કરેલ છે.

ઉપરોકત કાર્યકર્તાઓએ હિન્દુ સમાજની શ્રધ્ધા અને આરાધનાનાં કેન્દ્રો સમાન જુના પૌરાંણિક મંદિરો તોડવાનાં નિર્ણય સામે ઉપરોકત સંગઠન ધ્વારા લોક જાગૃતિ કરી આવેદન આપેલ અને કયાં ઉશ્કેરણીજનક ભાષણો કે ખોટી ભીડ જેવી કોઈ કાર્યવાહી કરેલ નથી. હિન્દુ જાગૃતિ કરતા હિન્દુ સમાજવાદી હિન્દુ યોધ્ધાઓને વ્હેલીતકે ગેરકાનૂની ધરપકડની કલમોમાંથી મુકત કરવા સમગ્ર હિન્દુ સમાજની લાગણી અને માંગણી સરકાર સુધી પહોંચાડવા અંતમાં માંગ કરેલ છે.

### બસ સ્ટેન્ડમાંથી થઈ હતી ગાયબ

## ખાંભા પોલીસે ૯ વર્ષથી ગુમ થયેલ થયેલ મહિલાને અમરેલીમાંથી શોધી કાઢી

### કુંકાવાવ માર્ગના ભંગારનાં ડેલામાંથી મળી આવી

ખાંભા,તા.૧

તા.૨૨/૪/૨૦૧૬ના રોજ જાહેર કરનાર જેઠુરભાઈ માણાભાઈ ભેડા રહે.ભાણીયા તા.ખાંભાએ જાહેર કરેલ કે,તઈ તા.૨૫/૧૨/૨૦૧૫ના રોજ પોતાની દીકરી કડવી ઉર્ફે કુંવરબેનને તાવ આવતો હોય જેથી જાહેર કરનારના પત્ની વાલીબેન તથા તેમનો નાનો દીકરો રાજુભાઈ એ રીતે ખાંભા સરકારી દવાખાને સારવાર માટે આવેલ અને સારવાર લઈ ખાંભા બસ સ્ટેન્ડ ખાતે આવેલ અને ત્યાં બસ સ્ટેશનમાં ગુમ થનાર કડવી ઉર્ફે કુંવરબેન જોવા મળેલ નહીં અને આજુબાજુ તથા સગા સંબંધીમાં તપાસ કરતા કયાય ભાળ મળેલ નહી જાહેર કરનારને દીકરી અબ્દુલ નનુભાઈ કુરેશી સાથે હોય, તેવો વહેક હોય, જે અંગે જાહેર કરનાર ખાંભા પો.સ્ટે. ગુમ જા.જોગ નં.૦૧/૨૦૧૬ દાખલ કરાવેલ હતી.



જે અન્વયે પોસ્ટેની સર્વેલન્સ ટીમના પો.કોન્સ.રાજુભાઈ નાજાભાઈ બોદરને ચોકકસ બાતમી મળેલ કે, ખાંભા પો.સ્ટે ગુમ.જા.જોગ નં.૦૧/૨૦૧૬ના કામે ગુમ થનાર કડવી ઉર્ફે કુંવરબેન હાલ અબ્દુલ નનુભાઈ કુરેશી સાથે અમરેલી થી કુંકાવાવ રોડ પર આવેલ ભંગારના કારખાને છે, તેવી હકીકતના આધારે ખરાઈ કરી તપાસ કરતા ગુમ થનાર મહીલાને અબ્દુલ નનુભાઈ કુરેશી સાથે અમરેલીથી કુંકાવાવ રોડ પર આવેલ ભંગારના કારખાના ખાતેથી શોધી કાઢેલ છે.

આ કામગીરી આર.જી. ચૌહાણ પોલીસ સબ ઈન્સપેકટર સાહેબની સુચના/માર્ગદર્શનથી ઈ/બીટ ઈન્ચાર્જ હેડ કોન્સએન.પી. સોલંકી તથા પો.કોન્સ રાજુભાઈ બોદર તથા પો.કોન્સ ભાવેશભાઈ બુધેલા તથા વુમન પો.કોન્સ ઈન્દુબેન હડીયા દ્વારા કરવામાં આવેલ.

## બાબરા : પ્રમાણિકતાનું ઉમદા ઉદાહરણ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧

ગઈ કાલ રાતે બાબરાના ગળીયારા સમાજ ના આસિફભાઈ મનસુરભાઈ વાળાના દીકરા મુખ્તાર ને ધુડીયા પ્લોટ વિસ્તાર માંથી એક પાકીટ મળી આવેલ હતું જેમ અંદાજિત ૨૦,૦૦૦/– જેટલી રકમ હતી, તે જોતાં જ મુખ્તાર એ તેમના માતા–પિતા ને જાણ કરતા તરત જ આસિફભાઈ વાળા એ મૂળ માલિક ની શોધખોળ શરૂ કરેલ હતી અને ત્યાર બાદ આજ સવારે મૂળ માલિક મળી આવતા તેમને તેમના પૈસા અને જરૂરી ડોકયુમેન્ટ્સ પરત કરેલ છે. મૂળ માલિક એ મુખ્તાર અને વાળા પરિવાર ની સરાહના કરી આભાર ની લાગણી વ્યક્ત કરી હતી.

આમ, મુખ્તાર અને આસિફભાઈ વાળા એ માણસાઈ અને પ્રમાણિકતાનું ઉમદા ઉદાહરણ પૂઢં પાડયું છે.

### આગામી ૫ મી ઓગષ્ટથી

## અમરેલી–વેરાવળ વચ્ચે દોડતી મીટરગેજ ટ્રેઈનના સમયમાં ફેરફાર

### સવારે ૮:૫૦ને બદલે ૫:૪૦ રવાના થશે

અમરેલી, તા.૧

આગામી શ્રાવણ માસ દરમિયાન ૫ ઓગસ્ટથી એક મહિનો એટલે કે આગામી ૪–૯–૨૪ સુધી પશ્ચિમ રેલ્વે દ્વારા અમરેલી–વેરાવળ વચ્ચે દોડતી અમરેલી–વેરાવળ–અમરેલી દૈનિક મીટરગેજ ટ્રેન (૦૯૨૯૨/૦૯૫૦૫) યાત્રિયોની સુવિધા માટે સમયમાં ફેરફાર કરવાનો નિર્ણય લેવાયો છે. ભાવનગર રેલ્વે મંડળના સીનીયર ડીસીએમ માશૂક અહમદના જણાવ્યા મુજબ, આ ટ્રેન નં. ૦૯૨૯૨ અમરેલી–વેરાવળ મીટરગેજ ટ્રેન તા. ૫/૮/૨૪થી આગામી તા. ૪/૯/૨૪ દરમિયાન અમરેલી સ્ટેશનથી તેના નિર્ધારિત સમય સવારે ૮.૫૦ કલાકને બદલે વહેલી ૫:૪૦ કલાકે ઉપડશે અને તેના નિર્ધારિત સમય બપોરે ૧:૫૦ કલાકના બદલે સવારે



૧૦:૩૦ કલાકે વેરાવળ સ્ટેશને પહોંચશે. તે મુજબ અન્ય સ્ટેશનોના સમયમાં પણ ફેરફાર થશે.

જયારે વળતા ટ્રેન નંબર ૦૯૫૦૫ વેરાવળ– અમરેલી મીટરગેજ ટ્રેન તા. ૫/૮/૨૪ થી આગામી તા. ૪/૯/૨૪ દરમિયાન વેરાવળ સ્ટેશનથી બપોરે ૧ કલાકને બદલે બપોરે ૨:૧૦ કલાકે ઉપડશે અને તેના નિર્ધારિત સમય સાંજે ૬:૦૫ કલાકને બદલે સાંજે ૭:૧૦ કલાકે અમરેલી સ્ટેશન પહોંચશે. તે મુજબ અન્ય સ્ટેશનોના સમયમાં પણ ફેરફાર થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ઉપરોક બંને ટ્રેનોના સમયમાં માત્ર શ્રાવણ માસ દરમિયાન જ ફેરફાર કરવામાં આવ્યો છે, ત્યારબાદ ઉપરોકત બંને ટ્રેનો તેમના નિર્ધારિત સમય મુજબ ચાલશે.

## હોટેલમાં રોકાણ કરનાર ગ્રાહક, મુસાફરોની માહિતી ‘પથિક સોફટવેર’માં ઓનલાઈન નોંધણી કરવી ફરજિયાત

અમરેલી, તા. ૧

હોટેલમાં રોકાણ કરનાર ગ્રાહક, મુસાફરોની માહિતી ‘પથિક સોફટવેરમાં ઓનલાઈન નોંધણી કરવા માટે અમરેલી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. PATHIK (Programme for analysis of travelers and hotel information) સર્વર અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાંચ ખાતે કાર્યરત છે. ક્રાઈમ બ્રાંચ સોફટવેર સાથે રજિસ્ટર થયેલ હોટેલ ધારક જ ક્રાઈમ બ્રાંચ ખાતેથી આપવામાં આવેલ યુઝરનેમ અને પાસવર્ડ દ્વારા એન્ટ્રી કરી શકે છે. જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે અમરેલી જિલ્લાની તમામ હોટેલ અને ગેસ્ટ હાઉસ ખાતે આવતા પ્રાંત, રાજય, દેશ – વિદેશથી આવતા તમામ મુસાફરોની વિગતો પથિક સોફટવેરમાં હોટેલના માલિક અથવા સંચાલકે અવશ્ય કરવાની રહેશે. સોફટવેરમાં ડેટા એન્ટ્રી કરવા માટે બહુમાળી ભવન, એ – બ્લોક, પ્રથમ માળ રૂમ નંબર – ૧૦૨, એસ. ઓ. જી. શાખા, અમરેલી ખાતેથી હોટલ સંચાલક, માલિકે હોટેલની વિગતો રજુ કરી યુઝર આઈડી – પાસવર્ડ દિન – ૧૦ માં મેળવી લેવાના રહેશે. આ જાહેરનામું તા.૧ ઓગસ્ટ, ૨૦૨૪ થી તા.૯ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધી અમલી રહેશે. જાહેરનામાનો ભંગ કરનાર વિરૂદ્ધ ધ ઈન્ડિયન પીનલ કોડ કલમ–૧૮૮ અંતર્ગત સજાને પાત્ર થશે.

## જાફરાબાદ : મેરીટાઈમ બોર્ડના અધિકારી વય મર્યાદાથી નિવૃત્ત થયા



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ તા.૧

ગુજરાત મેરીટાઈમ બોર્ડ, જાફરાબાદ બંદરે મદદનીશ બંદર અધિકારી તરીકે ફરજ બજાવતા વી.એફ.ચૌધરીની વયનિવૃતિ સબબ વિદાય સમારંભ જાફરાબાદ વહિવટી સંકુલના પટાંગણમાં તા.૩૧/૭/૨૦૨૪ ના રોજ યોજાયેલ.

### અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી

## અમરેલી જિલ્લા રોજગાર કેચરી દ્વારા મહિલાઓ માટે ખાસ ભરતી મેળો યોજાશે

અમરેલી, તા. ૧

ઓગસ્ટ માસમાં નારીવંદન ઉત્સવસપ્તાહનું આયોજન કરવામાં આવ્યુ છે. તા. ૩ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ મહિલા સ્વાવલંબન દિવસ હોય, અમરેલી જિલ્લા રોજગાર કચેરી દ્વારા અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી મહિલાઓ માટે ખાસ ભરતી મેળાનું આયોજન છે. જિલ્લાના ખાનગી ક્ષેત્રના એકમો ૧૮ થી ૪૦ વર્ષની વયમર્યાદા અને ખાલી જગ્યાને અનુરૂપ ધો.૧૦ પાસથી ઓછું, અને ધો.૧૦ થી ગ્રેજયુએટ, ડિપ્લોમાં, પોસ્ટ ગ્રેજયુએટ, આઈટીઆઈ શૈક્ષણિક લાયકાત ધરાવતા રોજગાર ઈચ્છુક મહિલા ઉમેદવારો માટે તા. ૩ ઓગષ્ટ, ૨૦૨૪ ના રોજ સવારે ૯.૩૦ વાગ્યે ખેડાવાળ બ્રાહ્મણની વાડી, ટી.પી.એમ.ટી ગાંધી ગર્લ્સ સ્કૂલ સામે, નાગનાથ મહાદેવ બસ સ્ટેશનની બાજુમાં, અમરેલી ખાતે ભરતી મેળો યોજાશે. આ ભરતીમેળા અંતર્ગત સિન્ટેક્ષ ઈન્ડસ્ટ્રીઝ લુણસાપુર, આલ્ફા ઓટોલીંક, એલ.એલ.પી. અમરેલી, એલ.આઈ.સી. અમરેલી, શિતલ કુલ પ્રોડકટ અમરેલી, નિલકંઠ જવેલર્સ તથા એચ.ડી.એફ.સી. લાઈફ ઈન્શ્યોરન્સ અમરેલી જેવા જુદા જુદા એકમ માટે ભરતી કરવામાં આવશે. ભરતી મેળામાં ભાગ લેવા માટે આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના તમામ દસ્તાવેજો સાથે જોબસીકર તરીકે નોંધાણી કરાવવી ફરજિયાત છે. રજિસ્ટ્રેશન લીંક https://anubandham.gujarat.gov.in/account/signup પર નોંધણી કરવી, તેમ અમરેલી જિલ્લા રોજગાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

# અમરેલી : માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજમાં ‘પ્રેમચંદ જન્મ જયંતી’ ની ઉજવણી કરવામાં આવી



અમરેલી જીલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજમાં ‘પ્રેમચંદ જન્મ જયંતી’ નિમિત્તે હિન્દી વિભાગ દ્વારા એક સુંદર કાર્યક્રમ આયોજીત થયો હતો. ૩૧ જુલાઈ સન–૧૮૮૦માં હિન્દી ભાષાના મહાન સાહિત્યકાર, ઉપન્યાસ–સમ્રાટ અને કલમનાં સિપાહી એવા પેમચંદજીનો જન્મ થયો હતો. કાર્યક્રમના પ્રારંભે હિન્દી વિભાગનાં પ્રાધ્યાપક ડો અરવિન્દ ઉપાધ્યાય સાહેબે ઉપસ્થિત અધ્યાપકો અને વિદ્યાર્થિનીઓનું અભિવાદન કર્યુ હતું. અને મુંશી પ્રેમચંદજીના જીવન, તેમના વિચારો અને સાહિત્યનાં ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન વિશે પોતાની આગવી શૈલીમાં વ્કતવ્ય આપ્યું હતું. આ પ્રસંગે કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સીપાલ ડો. ચુડાસમા સાહેબે પ્રેમચંદજીના સાહિત્યિક યોગદાનની સાથે–સાથે તેમની ગાંધીવાદી વિચારધારા અને સ્વતંત્રતા આંદોલનમાં પ્રેમચંદજીના યોગદાન વિશે પોતાનું વકતવ્ય આપ્યું હતું. ત્યારબાદ હિન્દી વિભાગનાં અધ્યક્ષ ડો વેલિયત સાહેબે પ્રેમચંદજીના ઉપન્યાસ અને કહાની વિશે પોતાનું વ્યકતવ્ય આપ્યું હતું. આ પ્રસંગે હિન્દી વિભાગનાં અધ્યાપિકા મેજર સવિતાબેન પરમારે પ્રેમચંદજીનાં જીવન અને સાહિત્ય વિશે પોતાનું વ્યકતવ્ય આપ્યું હતું. અને આભાર દર્શન દ્વારા કાર્યક્રમનું સમાપન કર્યુ હતું. આ કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં વિદ્યાર્થિનીઓએ હાજરી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ અને સુચારૂ સંચાલન ડો. અરવિન્દ ઉપાધ્યાય સાહેબે કર્યુ હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં સમગ્ર સ્ટાફ મેમ્બર અને વિદ્યાર્થિનીઓનો સુંદર સહયોગ પ્રાપ્ત થયો હતો.

## ગાંધીનું ગુજરાત ડ્રગ્સનું હબ બની રહ્યું હોય વિદ્યાર્થીઓનાં વાલીઓ ચિંતાતુર હોવાથી

# ગુજરાતને ડ્રગ્સ મુકત કરવા યુવક કોંગ્રેસ કરશે આંદોલન

**રાજયની અંદર વિવિધ જગ્યાએ ડ્રગ્સની હેરાફેરી કરતાં ભાજપનાં કાર્યકર્તાઓ ઝડપાઈ રહ્યાનો કોંગી નેતાનો આક્ષેપ**

**ગુજરાતનાં ભવિષ્ય ગણાતા વિદ્યાર્થીઓને ડ્રગ્સનાં દુષણનો ભોગ કોઈપણ સંજોગોમાં બનવા નહી દેવાઈ**

**રાજય સરકાર ડ્રગ્સનું દુષણ દૂર ન કરે તો વિધાનસભાનો ઘેરાવ કરવાની ચીમકી**

**યુવક કોંગ્રેસનાં રાષ્ટ્રીય સચિવ અને પ્રદેશ યુવક કોંગ્રેસનાં પ્રમુખે પત્રકાર પરિષદ સંબોધી**



અમદાવાદ, તા. ૧

ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસ દ્વારાઆજરોજરાજીવગાંધીભવનખાતે પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઓલ ઈન્ડિયા યુથ કોંગ્રેસના રાષ્ટ્રીય સચિવ શશીસિંઘએ ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના પ્રમુખ હરપાલસિંહ ચુડાસમાની વિશેષ ઉપસ્થિતિમાં આવનારા સમયમાં યુથ કોંગ્રેસની રણનીતિ વિશે માહિતી આપી હતી અને ગુજરાતની સમસ્યાને ઉજાગર કરી હતી.

ઓલઈન્ડિયાયુથકોંગ્રેસના રાષ્ટ્રીયસચિવશશી સિંઘે જણાવ્યું હતું કે, ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસની કારોબારીમાં વિવિધ પ્રકારની ચર્ચાઓ કરવામાં આવી છે, આવનારા સમયમાં નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીમાં પણ યુથ કોંગ્રેસની મોટી જવાબદારી છે જેમાં બુથ મેનેજમેન્ટ સાથે સાથે વિવિધ આંદોલાત્મક કાર્યક્રમો પણ આપવામાં આવશે. જયારે યુથ કોંગ્રેસ સમગ્ર ગુજરાતમાંવિવિધરચનાત્મકકાર્યક્રમનુ આયોજન કરશે, જેમાં ૧૫ મી ઓગષ્ટે તિરંગાયાત્રા અને ધ્વજવંદન કાર્યક્રમમાં યુથ કોંગ્રેસના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ભાગ લેશે. ૯ ઓગષ્ટના દિવસે યુથ કોંગ્રેસના સ્થાપના દિવસે વૃક્ષારોપણનો કાર્યક્રમ અને યુવાનોને જોડવાનું પણ કાર્ય કરવામાં આવશે સાથે સાથે રકતદાન શિબિરનું પણ આયોજન કરવામાં આવશે. વધુમાંતેમણે જણાવ્યું હતું કે, ૨૦ મી ઓગષ્ટના દિવસે રાજીવ ગાંધીની જન્મ જયંતીના અવસરે સમગ્ર ગુજરાતમાં તેમના જીવન વિશેની માહિતીસભર વ્યાખ્યાનો અને સાથે સાથે વિવિધ પ્રકારની શિબિરો આયોજન કરવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતની અંદર ડ્રગ્સની હેરાફેરીમાં ભાજપના કાર્યકર્તાઓ પકડાઈ રહ્યા છે આવનારા સમયમાં તેમની સામે લડવા માટે અને ગુજરાતને ડ્રગ્સ મુકત કરવા માટે પણ યુથ કોંગ્રેસ આક્રમક કાર્યક્રમો આપશે.

ગુજરાતપ્રદેશયુથકોંગ્રેસના પ્રમુખહરપાલસિંહચુડાસમાએ જણાવ્યું હતું કે, આવનારા દિવસોમાં યુથ કોંગ્રેસ દ્વારા રચનાત્મક કાર્યક્રમ કરવામાં આવશે અને ગુજરાતમાં ડ્રગ્સનો વેપલો થઈ રહ્યો છે તેની સામે વધુ આક્રમક યુથ કોંગ્રેસ દ્વારા કાર્યક્રમમાં પણ આપવામાં આવશે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતની અંદર વિવિધ જગ્યાએ ડ્રગ્સની હેરાફેરી કરતા ભાજપના કાર્યકર્તાઓ પકડાઈ રહ્યા છે અને તેના લીધે વિદ્યાર્થીઓના અને યુવાનોના ભવિષ્ય સાથે ચેડા થઈ રહ્યા છે અને યુવાનો ડ્રગ્સના રવાડે ચડી રહ્યા છે તેના લીધે વાલીઓ પણ ખૂબ જ ચિંતાતુર બન્યા છે. આવનારા સમયમાં ગુજરાતને ડ્રગ્સ મુકત કરવા માટે આંદોલાત્મક કાર્યક્રમ આપવામાં આવશે અને આવનારા સમયમાં હાલની સરકારે ડ્રગ્સની બાબતે કોઈ પગલાં લીધા નહીં તો ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ દ્વારા વિધાનસભાનો પણ ઘેરાવો કરવામાં આવશે.

ગુજરાતપ્રદેશયુથ કોંગ્રેસના મહામંત્રી મુકેશ આંજણાએ જણાવ્યું હતુ કે, દિનપ્રતિદિન ગુજરાતનો માહોલ ખૂબ જ ખરાબ થઈ રહ્યો છે ગુજરાતની અંદર ચારે બાજુ આજે ડ્રગ્સની હેરાફેરી અને બહુ સરળતાથી ડ્રગ્સ મળી રહ્યું છે. જેમાં મોટાભાગના ભાજપના કાર્યકર્તાઓ પણ પકડાઈ રહ્યા છે તેના લીધે યુવાનોનું ભવિષ્ય ખૂબ ખરાબ થઈ રહ્યું છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, પોલીસ દ્વારા કોંગ્રેસના કાર્યકર્તાઓને ખૂબ જ હેરાન કરવામાં આવે છે ખાસ કરીને બનાસકાંઠાની અંદર કોંગ્રેસના કાર્યકર્તાઓને પણ અવારનવાર હેરાનગતિ કરવામાં આવી રહી છે અને તેના લીધે પોલીસ પણ કોઈ ચોક્કસ એક નેતાના ઈશારે કામ કરી રહી હોય તેવું દેખાઈ રહ્યું છે અને પોલીસ દ્વારા પી.એસ.આઈ. દ્વારા જાણે કમલમ ખાતેનું સીધું કનેકશન હોય એવું જણાઈ રહ્યું છે. એને લઈને પણ યુથ કોંગ્રેસ આગામી સમયમાં પણ આક્રમક કાર્યક્રમો આપશે તેવું જણાવ્યું હતું.

આ પ્રસંગે ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના ઉપપ્રમુખ મનિષાબેન પરીખ, ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના મંત્રી દિગ્વિજયસિંહ રાજપુત અને અમદાવાદ શહેર યુથ કોંગ્રેસના પ્રમુખ જયમન શર્મા પણ ઉપસ્થિત રહ્યા હતા.

## અમરેલી : ખાનકાહ એ ચિસ્તીયા અને અલ સહારા ટ્રસ્ટ દ્વારા તાજીયા કમેટીને સન્માનનો કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા. ૧

અમરેલીમાં મહોરમ મહીનો મુસ્લિમ ધર્મના ધર્મ ગુરૂ ઈમામ હુશેન અને તેના પરિવાર ૭૨ લોકોની શહીદીની યાદમાં નમાન.રોજા.તાજીયા ન્યાજ કરતા હોઈ છે ત્યારે છેલ્લા ત્રણ વર્ષથી ખાનકાહ એ ચિસ્તીયા અને અલ સહારા ટ્રસ્ટ દ્વારા અમરેલીમાં જુદી જુદી જગ્યામાં વાએજ.તાજીયા.ડેકોરેશન કરતા હોઈ તેવા તમામ સભ્યોને અમા વર્ષે ૪૦૦ દીવાલ ઘડિયાળ આપી સન્માન કરાયા આ કાર્યક્રમના મુખ્ય મહેમાન ખાનકાહએ ચિસ્તીયા અમરેલીના પીરે તરીકત દાદાબાપુ ચિસ્તી અને નિઝામબાપુ ચિસ્તીની હાજરીમાં યોજાયો જેમાં અમરેલીના આગેવાનો સબીર બાપુ બુખારી. સબીરઅલી બાપુબાપુ બાહરૂની. દાદાબાપુ બાહરૂની અયુબખાન વનરાજ બગી વજીરભાઈ પઠાણ અજીજભાઈ ગોરી નાનભાઈ બિલખીયા, નિજામ પીબાપુ કાદરી તેમજ સમાજના પ્રમુખો અને તમામ કમેટીના પ્રમુખ અને સભ્યોને મહેમાનોના હાથે ઘડિયાળ આપી સન્માન કરાયા હતા. ત્યાં આ પ્રસંગે અલ સહારા ટ્રસ્ટના રફીકભાઈ ચૌહાણ અજીમભાઈ લાખાણી, અકબરભાઈ શેખ, હાજીખાન પઠાણ, નઈમખાન પઠાણ, અનીસખાન પઠાણપ મોઈન પઠાણની મહેનતથી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો તેવું અલ સહારા ટ્રસ્ટના પ્રમુખ જાવેદખાન પઠાણે જણાવ્યું હતું.

## અમરેલી જિલ્લામાં વરસાદ ખેંચાતા ચિંતા

અમરેલી, તા. ૧

અમરેલી જિલ્લામાં વરસાદ ખેંચાતા જગતાત ગણાતા ખેડૂતો, વેપારીઓ, પદાધિકારીઓ અને વહીવટીતંત્રમાં ચિંતાનો માહોલ છવાયો છે.

હવામાન વિભાગે પણ અમરેલી જિલ્લામાં એકાદ અઠવાડીયામાં વરસાદની કોઈ આગાહી કરી નથી.

## ગરીબોના બેલી અને અર્ધી રાતનાં હોંકારા સમાન

# લીલીયામોટાનાં કોળી સમાજનાં આગેવાન ધીરૂભાઈ પગીનું નિધન થતાં શોકનો માહોલ

**પશુ-પક્ષીઓની પણ અનેરી સેવા કરનારની વિદાય**

લીલીયા,તા.૧

લીલીયા મોટાના કોળી સમાજના મોભી આગેવાન ધીરૂભાઈ પગીની ઓચિંતા વિદાઈ થી સમગ્ર પંથકમાં શોક મય વાતાવરણ ધીરૂભાઈ(પગી) સંત વેલનાથ મંદિર લીલીયા મોટા ટ્રસ્ટના પ્રમુખ તરીકે જવાબદારી નિભાવતા ધીરૂભાઈ વેલનાથ વાડી અને વેલનાથ બાપાના મંદિરના વિકાસ કામોમાં તેમનો સિંહ ફાળો રહ્યો છે અને વાડી મંદિરના કામમાં રહેલ ૩૦૦ જેટલા યુવાનોની સાથે એક મિત્રની જેમ રહેતા અને તમામની સાથે મળીને કામ કરતા જયારે વેલનાથ બાપાની તિથિ હોય એટલે ૧૫ દિવસથી તૈયારી કરાવતા અને છેલ્લા બે ત્રણ દિવસ તો વેલનાથ વાડીએ જ રહેતા યુવાનોને શરમ આવે તેવું કામ કરતા રસોડુ ચાલુ થવાથી છેક બધુ સમયાણું સામાન રવાના કરવા સુધી ત્યાં હાજર રહેતા પોતાની ૭૪ વર્ષની સફરમાં કોઈ



એક પણ વ્યકિત સાથે વાંધો કે વિરોધ નહીં પડોશમાં વિસ્તારમાં સમાજ માટે ગામમાં સ્વ.ધીરૂભાઈ માટે બધા જ લોકો સારા હતા સવારે ઘર થી સાયકલ લઈને નીકળે સાયકલમાં થેલીમાં રોટલીનો થપ્પો હોય ઘરેથી નીકળે એટલે શેરીએ શેરીએ કુતરાઓ અને ગાયો તેમની પાસે આવી જ જાય ઘરેથી કારખાના સુધી કુતરાઓ તેમની રાહ જોતા અને બધા માટે પૂરતી રોટલી લઈને નીકળતા કયારેક તો વધારે કુતરાઓ ગાયો મળે તો બધુ ખવડાવી દેતા એને પછી ૫૦ થી ૬૦ રૂપિયાના બિસ્કીટ લઈને પણ બધાને ખવડાવતા જે એની એક લાગણી અને પશુ પ્રેમ હતો તેવી જ રીતે સમાજમાં કોઈ જગ્યાએ સારા નરસા કામોમાં બધાની પહેલા પહોંચી જતા કોઈને ત્યાં મરણ થયું હોય તો તરત જ પહોંચી આગળ થતી મરણની વિધિની કામગીરી ઉપડી લેતા ઘેરેથી લઈ છેક સ્મશાનની પથારી સુધી તે ખડે પગે ઉભા રહેતા અને સારા પ્રસંગે તેને આમંત્રણ હોય જ અને તેને બધા હંમેશા એક વડીલ તરીકે હંમેશા માર્ગદર્શક તરીકે સમાજમાં દરેક કાર્યોમાં વિશાળ સમાજ એમને સાથે રાખતો ધીરૂભાઈ ધુન મંડળની યુવા ટીમ સાથે પણ સંકળાયેલા હતા પોતે કડતાલ પ્રેમી હોવાથી કડતાલના તાલે વાતાવરણ ભકિતમય કરી દેતા હંમેશા એક અલગ જ ઓળખ સમાજમાં હતી સમાજને નજીક લાવી એક તાતણે બાંધ્યો કોઈને કંઈ સાથે વાંધા વિરોધ હોઈ શકે કોઈને કંઈ એમની સાથે વાંધો જ ન હોય તેવું જીવન જીવી ગયા અને દર વર્ષે અષાઢી બીજે ભવનાથ વેલાવડ(જુનાગઢ) અને ખડખડ ધામ(વેલનાથ બાપાની ચેતન સમાધિએ) તો કોઈ પણ ભોગે જવાનું એટલે જવાનું જ અને આ વર્ષે પણ અષાઢી બીજે ખડખડ ગયા અને ત્યાં દર્શન આરતી અને પ્રસાદ લઈ ઘરે આવ્યા અને ઘરે તેમના દીકરાને કીધું કે હું વેલનાથ બાપાને કહેતો આવ્યો છું કે બાપા હું હવે છેલ્લી વખત આપના દર્શને આવું છું હવે અવાય કે ન અવાય એ નકકી નહીં હરહંમેશ લોકો સેવાના કામ કરનાર હતા.

એક જ જગ્યાએ ૪૫ વર્ષ સુધી પૂરી ઈમાનદારીથી પગી તરીકે કામ કર્યુ જીવનના અંતિમ દિવસ સુધી એક જ કારખાનામાં પોતાનું કામ નિષ્ઠાપૂર્વક કરેલ હોય ત્યારે આવડા મોટા કોળી સમાજે એક હોનહાર વડીલ આગેવાનની ઓચિંતા વિદાયથી સમગ્ર પંથક અને જિલ્લો શોકમય વાતાવરણમાં ગરકાવ થઈ જવા પામ્યો છે તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

''અમરેલી એકસપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭







ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦












### અમદાવાદમાં ભારે પવન સાથે વરસાદ

# આગામી ચાર દિવસ રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરાઈ

અમદાવાદ, તા.૧

અમદાવાદમાં છેલ્લા ત્રણ દિવસથી છૂટો છવાયો વરસાદ પડી રહ્યો છે. બુધવારે અમદાવાદ કેટલાક વિસ્તારોમાં વરસાદ ખાબક્યો હતો, ત્યારે આજે બપોર બાદ ફરી ભારે પવન સાથે વરસાદ થરૂ થયો હતો. અમદાવાદના પ્રહલાદનગર, મકરબા, થલતેજ, પકવાન ચાર રસ્તા, ગુજરાત હાઈકોર્ટ, ગોતા, સોલા સહિતના એસજી હાઈવે પર વરસાદ ખાબક્યો છે. વરસાદના પગલે ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. બીજી તરફ, હવામાન વિભાગ દ્વારા આગામી ચાર દિવસ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

અમદાવાદમાં વરસાદી માહોલ જામ્યો હતા, ત્યારે શહેરના મોટાભાગના વિસ્તારોમાં ધમાધેકાર વરસાદ વરસ્યો હતો. જેમાં પ્રહલાદનગર, મકરબા, થલતેજ, પકવાન ચાર રસ્તા, ગુજરાત હાઈકોર્ટ, ગોતા, સોલા સહિતના એસજી હાઈવે વિસ્તારોમાં સારો એવો વરસાદ ખાબક્યો હતો. આ સાથે વેજલપુર, સાયન્સ સિટી, શીલજ, વૈષ્ણદેવી, શિવરંજની, ચાંદખેડા, ધુમા, બોપલ, આંબલી, જુહાપુરા, શ્યામલ, યુનિવર્સિટી રોડ, ભાડજ, રાણીપ, વાડજ, પંચવટી, મીઠાખળી સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો હતો. જ્યારે શહેરના પશ્ચિમ વિસ્તારમાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે. બીજી તરફ, ધોધમાર વરસાદને પગલે પ્રહલાદનગર સહિતના વિસ્તારોમાં પાણી ભરાવવાની સમસ્યા ઉભી થઈ હતી.

રાજ્યમાં આગામી ચાર દિવસ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે, ત્યારે ૦૫ ઓગસ્ટ સુધીમાં દક્ષિણ ગુજરાતના મોટાભાગના વિસ્તાર સહિત સૌરાષ્ટના અમુક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદને પગલે ઓરેન્જ અને યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં સુરત, નવસારી, વલસાડ, ડાંગ, ભરૂચ, નર્મદ, ભાવનગર જિલ્લામાં ઓરેન્જ એલર્ટ અને કચ્છ, બનાસકાંઠા, અમરેલી, ગીર સોમનાથ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે આજે (૦૧ ઓગસ્ટ) ભરુચ, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદને પગલે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ સિવાય મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદી માહોલ રહેશે.

૨ ઓગસ્ટની આગાહી : રાજ્યમાં આગામી ચાર દિવસ દક્ષિણ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે, ત્યારે આ દિવસે સુરત, નવસારી અને વલસાડ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિભારે વરસાદને પગલે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે બનાસકાંઠા, ભરૂચ, નર્મદા, તાપી, ડાંગ જિલ્લામાં ભારે વરસાદને પગલે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ સિવાયના ૨૫ જેટલાં જિલ્લામાં હવામાન વિભાગ દ્વારા નો વોર્નિંગ જાહેર કરવામાં આવ્યું છે.

૩ ઓગસ્ટની આગાહી : આ દિવસે રાજ્યના દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારો સહિત ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. જેમાં દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં સૌથી વધુ વરસાદનું જોર રહેતાં, ભરૂચ, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, નર્મદા, છોટા ઉદેપુર અને સૌરાષ્ટ્રના ભાવનગર જિલ્લામાં ધોધમાર વરસાદને પગલે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે અમરેલી, ગીર સોમનાથ, આણંદ, વડોદરા, પંચમહાલ, સાબરકાંઠા, બનાસકાંઠા જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. આ સિવાય કચ્છ, પાટણ, મહેસાણા, મોરબી, સુરેન્દ્રનગર, જામનગર, રાજકોટ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, બોટાદ, જૂનાગઢ, ખેડા, અમદાવાદ, ગાંધીનગર, અરવલ્લી, મહીસાગર, દાહોદ જિલ્લામાં નો વોર્નિંગ જાહેર કરવામાં આવ્યું છે.

૪ ઓગસ્ટની આગાહી : આ દિવસે દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, અને વલસાડ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. જ્યારે કચ્છ, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ અને દક્ષિણ ગુજરાતના ભરૂચ, નર્મદા, તાપી, ડાંગ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ સિવાયના ૨૨ જિલ્લામાં હળવાથી મધ્યમ માહોલને પગલે હવામાન વિભાગે નો વોર્નિંગ જાહેર કરવામાં આવ્યું છે.

૫ ઓગસ્ટની આગાહી : ૫ ઓગસ્ટે રાજ્યમાં વરસાદનું જોર ઘટતું જોવા મળશે. જેમાં માત્ર નવસારી અને વલસાડ જિલ્લામાં ભારે વરસાદને પગલે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે આ સિવાયના ૩૧ જિલ્લામાં વરસાદનું પ્રમાણ નહિવત રહેશે.

### સ્વપ્રિલ કુસાલે શૂટિંગમાં રચ્યો ઈતિહાસ

# સ્વપ્રિલ કુસાલે શૂટિંગમાં ભારતને અપાવ્યો ત્રીજો ઓલિમ્પિક મેડલ

પેરિસ, તા.૧

ભારતના સ્વપ્રિલ કુસાલેએ કમાલ કરી બતાવી છે. તેણે શૂટિંગમાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે. સ્વપ્રીલે ૫૦ મીટર રાઈફલ ઈવેન્ટમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેનો કુલ સ્કોર ૪૫૧.૪ હતો. સ્વપ્રિલ કુસાલે પહેલા મનુ ભાકર અને સરબજોત સિંહે પેરિસ ગેમ્સમાં મેડલ જીત્યા હતા. ઓલિમ્પિક ઈતિહાસની વાત કરીએ તો, સ્વપ્રિલ મેડલ જીતનાર સાતમો ભારતીય શૂટર છે.

ચીનના લિયુ યુકુન ટોપ પર રહ્યો હતો. તેનો સ્કોર ૪૬૩.૬ હતો. જ્યારે યુક્રેનની કુલિસ સેરહી બીજા ક્રમે રહી હતી. ભારતના સ્વપ્રિલ કુસાલે ઈતિહાસ રચ્યો છે. સ્વપ્રીલે પુરુષોની ૫૦ મીટર રાઈફલ થ્રી પોઝિશન શૂટિંગમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. પ્રથમ વખત કોઈ ભારતીય શૂટરે ઓલિમ્પિકની ૫૦ મીટર રાઈફલ થ્રી પોઝિશન ઈવેન્ટમાં મેડલ જીત્યો છે. વર્તમાન ઓલિમ્પિક ગેમ્સમાં ભારતનો આ ત્રીજો મેડલ હતો. આ પહેલા ભારતના છેલ્લા બે મેડલ પણ શૂટિંગમાં આવ્યા હતા. બુધવારે ૫૦ મીટર રાઈફલ ૩ પોઝિશન શૂટિંગના ક્વોલિફિકેશન રાઉન્ડ રમાયા હતા. ભારતીય શૂટર સ્વપ્રિલ કુસલે કુલ ૫૯૦ના સ્કોર સાથે ફાઈનલમાં જગ્યા બનાવી હતી. તેણે નીલિંગમાં ૧૯૮, પ્રોનમાં ૧૯૭ અને સ્ટેન્ડિંગમાં ૧૯૫ સ્કોર કર્યો હતો. ગુરુવારે પણ કુસાલે ભારતની કરોડો અપેક્ષાઓ પર ખરો ઉતરી અને દેશ માટે મેડલ જીત્યો.

એમએસ ધોનીને આઈડલ માનનાર સ્વપ્રિલ કુસાલે ફાઈનલમાં કુલ રહીને નિશાન સાધ્યું. ફાઈનલમાં એક સમયે તે છઠ્ઠા સ્થાને સરકી ગયો હતો. પરંતુ દબાણ હેઠળ નાસીપાસ થવાને બદલે મહારાષ્ટ્રના આ શૂટરે પોતાની રમતને ઉપર ઉઠાવી. તેણે ધીમે ધીમે ટેલીમાં વધારો કરવાનું શરૂ કર્યું. લાંબા સમય સુધી સ્વપ્રિલ પાંચમા નંબર પર અટવાયેલો જોવા મળ્યો હતો. આ પછી તે ચોથા નંબરે આવ્યો અને પછી ત્રીજા નંબરે પહોંચ્યો. તે સમયે એવું લાગતું હતું કે તે સિલ્વર કે ગોલ્ડ મેડલ જીતી શકશે, પરંતુ એવું થયું નહીં.

સ્વપ્રિલ કુસાલેએ ૪૫૧.૪ પોઈન્ટ સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ચીનના લિયુ યુક્વાને ૪૬૩.૬ પોઈન્ટ સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો. યુદ્ધની ભયાનકતાનો સામનો કરી રહેલી યુક્રેનની શૂટર શેરી કુલિશ (૪૬૧.૩)એ સિલ્વર મેડલ જીત્યો હતો.

પેરિસ ઓલિમ્પિકમાં ભારત માટે પહેલો મેડલ મનુ ભાકરે જીત્યો હતો. તેમણે રવિવારે ૧૦ મીટર એર પિસ્તોલમાં બ્રોન્ઝ જીતીને મેડલ ટેલીમાં ભારતનું ખાતું ખોલ્યું હતું. ત્યારબાદ મનુ ભાકર અને સરબજોત સિંહની જોડીએ મિક્સ્ડ ટીમ ઈવેન્ટમાં પણ બ્રોન્ઝ જીત્યો. હવે પેરિસ ઓલિમ્પિકમાં મેડલિસ્ટમાં સ્વપ્રિલ કુસાલેનું નામ પણ જોડાઈ ગયું છે.

### વિપક્ષે સરકારની મજાક ઉડાવી

# કરોડોના ખર્ચે બનાવેલી નવી સંસદમાં પાણી ટપકવા લાગ્યું

**સપા અધ્યક્ષ અખિલેશ યાદવે વીડિયો શેર કરતા કટાક્ષ કર્યો હતો કે, નવી સંસદથી સારી તો જૂની સંસદ હતી**

નવી દિલ્હી, તા.૧

ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે નવી સંસદ ભવનમાં પાણી ટપકવાના મુદ્દે ધારદાર પ્રહારો કર્યા છે. હકીકતમાં જોઈએ તો, સંસદ ભવનમાં પાણી ટપકવાનો મામલ સામે આવ્યો છે. બુધવારે દિલ્હીમાં થયેલા ભારે વરસાદ બાદ સંસદ ભવનના એક ગુંબજમાંથી પાણી ટપકતું દેખાયું હતું. તેના માટે સંસદ ભવનના ફ્લોર પર ડોલ રાખવામાં આવી હતી. પાણી ટપકીને ડોલમાં પડી રહ્યું હતું. તેનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરતા સમાજવાદી પાર્ટી અધ્યક્ષ અખિલેશ યાદવે કટાક્ષ કર્યો હતો. સાથે જ ફરીથી જૂના સંસદ તરફ જવાની વાત કહી હતી. સપા અધ્યક્ષે મોદી સરકારને ટાર્ગેટ કરતા જોવા મળ્યા હતા. તેની ડિઝાઈન પર સવાલો ઊભા કર્યા હતા. સાથે જ નિર્માણમાં ગરબડ થઈ હોવાની વાત તરફ પણ ઈશારો કર્યો હતો.

સપા અધ્યક્ષ અખિલેશ યાદવે સોશિયલ મીડિયા એક્સ પર સંસદ ભવનમાં ટપકતા પાણીનો વીડિયો શેર કરતા કટાક્ષ કર્યો હતો. તેમણે લખ્યું કે, નવી સંસદથી સારી તો જૂની સંસદ હતી. જ્યાં જૂના સાંસદ પણ આવીને મળી શકતા હતા. જૂની સંસદ તરફ જઈ, કમસે કમ ત્યાં સુધી જ્યાં સુધી અબજો રૂપિયાથી બનેલી સંસદમાં પાણી ટપકવાનો કાર્યક્રમ ચાલી રહ્યો છે. અખિલેશે સવાલ કર્યો કે, જનતા પૂછી રહી છે કે, ભાજપ સરકારમાં બનેલી દરેક નવી છતથી પાણી ટપકવું તેમની જાણી જોઈને બનાવેલી નવી ડિઝાઈનનો ભાગ હોય છે પછી બીજું કંઈ!

નવા સંસદ ભવન એટલે કે સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ પર ૨૦૧૯માં કામ શરુ થયું. ૧૩૪૫૦ કરોડના ખર્ચે આ પ્રોજેક્ટ પુરો કરવાનો પ્લાન બનાવ્યો હતો. આ પ્રોજેક્ટ અંતર્ગત નવી સંસદ ભવનનું નિર્માણ કર્યું છે. અહીં સાંસદોને બેસવા ઉપરાંત જગ્યા બનાવી છે.

સાંસદોની સંખ્યામાં વધારાને જોતા સંસદ ભવન અને સેન્ટ્રોલ હોલ બનાવવામાં આવ્યો છે. લગભગ ૧૨૦૦ કરોડના ખર્ચે બનેલી આ સંદન ભવનમાં ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ નવી સંસદ ભવનમાં કાર્યવાહી શરુ થઈ ગઈ હતી.

### ૬૪.૭૯૦ ગ્રામ મેફેડ્રોનનો જથ્થો ઝડપાયો

# મેફેડ્રોનના જથ્થા સાથે મહિલા સહિત કુલ બેની ધરપકડ થઈ

**રામોલની પેડલર સિરીનબાનું પાસેથી માલ ખરીદતા હતા**

અમદાવાદ, તા.૧

અમદાવાદ શહેરના ઈસનપુર વિસ્તારના રસુલાબાદ ઈકરા સ્કૂલની બાજુમાં અમદાવાદ ફ્લેટના પાંચમાં માળેથી છૂટક છૂટકમાં એક કે બે ગ્રામ સુધીનું ડ્ર્ગ્સ વેચતા એક મહિલા સાથે ૬,૫૭,૯૦૦ કિંમતનાં ૬૪.૭૯૦ ગ્રામ મેફેડ્રોનનાં મુદ્દામાલ સાથે એક મહિલા સહિત કુલ બે ઈસમોને ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરાઈ છે.

એસઓજી ક્રાઈમ ડીસીપી જયરાજસિંહ વાળાએ પત્રકારોને સંબોધન કરતા જણાવ્યું હતું કે શાહીનબાનુ યાસીન મિયાં સૈયદ નામની મહિલા છેલ્લા એક વર્ષથી ઈસનપુરમાં આવેલા અમજા ફ્લેટમાં છૂટક રીતે મેફેડ્રોનનું વેચાણ કરતી હતી. જેમાં તેને ત્યાં આમિર ખાન આસિફ ખાન પઠાણ નામના ઈસમને કામ ઉપર રાખેલો હતો તે પણ શાહીનબાનુના કહ્યા મુજબ છૂટક છૂટક ડિલિવરી કરતો હતો. વધુમાં તેમને જણાવ્યું હતું કે શાહીનબાનુના પતિ પાસે કોઈ રોજગારીનું સાધન ન હોવાથી શાહીનબાનું રામોલમાં ડ્ર્ગ્સ વેચનાર સિરીંનબાનુંનાં સંપર્કમાં આવી હતી. જે શાહીનબાનુને ડ્ર્ગ્સની ડીલીવરી આપતી હતી. જોકે રામોલની ડ્ર્ગ્સ પેડ્લર સિરીંનબાનુંની ધરપકડ કરવાની બાકી છે અને શાહીનબાનુએ લગભગ ૬ કે ૭ વખત ડ્ર્ગ્સ વેચાણ માટે લીધું હતું.

ડીસીપી જયરાજસિંહ વાળાએ ઉમેર્યું હતું કે શાહીનબાનુનો પતિ અકબર ખાન જેની ઉપર બે વખત કેસ નોંધાઈ ચૂક્યા છે તેની પણ ધરપકડ કરવાની બાકી છે. જ્યારે શાહીનબાનું આ ડ્ર્ગ્સ વિસ્તારમાં આજુબાજુમાં રહેતા રિક્ષાચાલકોને છૂટકમાં એક કે બે ગ્રામની પડીકીઓ બનાવીને વેચતી હતી. આ બનાવ અંગે SOG ક્રાઈમે ૬ લાખ ૫૭ હજાર ૯૦૦ કિંમતના ૬૪ ગ્રામ ૭૯૦ મિલિગ્રામનાં જથ્થા સાથે બેની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે

### ભાજપમાં જોડાઈ શકે છે

# BJD સાંસદ મમતા મોહંતાએ રાજ્યસભામાંથી રાજીનામું આપ્યું

**બીજેડી પ્રમુખ નવીન પટનાયકને લખેલા તેમના રાજીનામાના પત્રમાં મોહંતાએ કહ્યું કે તેમને લાગ્યું કે પાર્ટીમાં તેમની અને તેમના સમુદાયની સેવાની કોઈ જરૂર નથી**

નવી દિલ્હી, તા.૧

બીજુ જનતા દળના નેતા મમતા મોહંતાએ રાજ્યસભા અને પાર્ટીના સભ્યપદેથી રાજીનામું આપી દીધું છે. દરમિયાન તેમના ભાજપમાં જોડાવાની અટકળો ચાલી રહી છે. રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખરને લખેલા પત્રમાં મમતા મોહંતાએ કહ્યું કે તેમણે આ નિર્ણય ખૂબ જ વિચારણા કર્યા બાદ લીધો છે, ધનખરે તાત્કાલિક અસરથી મોહંતનું રાજીનામું સ્વીકારી લીધું છે.ધનખરે કહ્યું કે તેમણે મને અંગત રીતે પત્ર સોંપીને તેમની સીટ પરથી રાજીનામું આપ્યું છે. હું તેને બંધારણીય રીતે વાજબી માનું છું. મેં ઓડિશા રાજ્યનું પ્રતિનિધિત્વ કરતી સભ્ય મમતા મોહંતનું તાત્કાલિક અસરથી રાજીનામું સ્વીકાર્યું છે.દરમિયાન, બીજેડી પ્રમુખ નવીન પટનાયકને લખેલા તેમના રાજીનામાના પત્રમાં, મોહંતાએ કહ્યું કે તેમને લાગે છે કે પાર્ટીમાં તેમની અને તેમના સમુદાયની સેવા કરવાની કોઈ જરૂર નથી. તેણીએ કહ્યું કે મયુરભંજના લોકોની સેવા કરવાનો અને ઓડિશાનો મુદ્દો રાષ્ટ્રીય સ્તરે ઉઠાવવાની તક આપવા બદલ હું તમારો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.મોહંતાએ કહ્યું કે તે બીજેડીના પ્રાથમિક સભ્યપદમાંથી રાજીનામું આપી રહી છે, તે દિવસની શરૂઆતમાં, રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખરે કહ્યું કે તેમને મોહંતનું સાંસદ તરીકેનું રાજીનામું પત્ર મળ્યું છે. મોહંતના રાજીનામાથી રાજ્યસભામાં બીજેડીના સભ્યોની સંખ્યા ઘટીને ૮ થઈ ગઈ છે, જ્યારે બીજેડી પાસે લોકસભામાં કોઈ સાંસદ નથી.ભાજપના સૂત્રોએ જણાવ્યું હતું કે તે ભાજપમાં જોડાઈ શકે છે અને વિધાનસભામાં પક્ષની વધેલી તાકાતની મદદથી ખાલી પડેલી બેઠક પર ફરીથી ચૂંટાઈ શકે છે.ભાજપનું નામ લીધા વિના, રાજ્ય વિધાનસભામાં વિપક્ષના મુખ્ય દંડક પ્રમિલા મલિકે કહ્યું કે મોહંતનું રાજીનામું એક રાષ્ટ્રીય પક્ષ દ્વારા ઘડવામાં આવેલા કાવતરાનો એક ભાગ છે. એક રાષ્ટ્રીય પક્ષે રાજ્યસભામાં પોતાની તાકાત વધારવાનું કાવતરું ઘડ્યું. મમતા મોહંતાને નવીન પટનાયક દ્વારા મયુરભંજ અને મોહંતા સમુદાયનું પ્રતિનિધિત્વ કરવા માટે રાજ્યસભામાં મોકલવામાં આવી હતી, તેણે પોતાના સમુદાય, રાજ્ય અને મયુરભંજના લોકો સાથે દગો કર્યો છે. તેમણે મોહંતના પક્ષમાં સાઈડલાઈન થવાના આરોપોને ફગાવી દીધા હતા. પ્રમિલા મલિકે કહ્યું કે મોહંતને યાદ રાખવું જોઈએ કે તેમણે ચૂંટણી દરમિયાન શું કર્યું હતું.તમને જણાવી દઈએ કે હાલમાં વિધાનસભામાં ભાજપના ૭૮ સભ્યો છે, જ્યારે વિપક્ષ બીજેડી પાસે ૫૧ બેઠકો, કોંગ્રેસ પાસે ૧૪ બેઠકો, ત્રણ અપક્ષ અને એક સીપીઆઈ (એમ) છે. રાજ્યમાં રાજ્યસભાની ૧૦ બેઠકો છે, જેમાંથી ૮ બીજેડી પાસે છે, જ્યારે એક ભાજપ પાસે છે.ભાજપના સૂત્રોએ દાવો કર્યો હતો કે તેમના દ્વારા ખાલી કરાયેલી બેઠક પર મોહંતને ફરીથી ઉમેદવાર બનાવવામાં આવે તેવી શક્યતા છે, પરંતુ એવા સંકેતો છે કે પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ મનમોહન સામલ અને વરિષ્ઠ નેતાઓ દિલીપ રે અને સમીર દાશના નામો પર પણ વિચાર કરવામાં આવી રહ્યો છે. તે તમામ તાજેતરમાં પૂર્ણ થયેલી વિધાનસભાની ચૂંટણી હારી ગયા હતા, પરંતુ રાજ્યમાં ભાજપને સત્તામાં લાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

# હવેથી અંબાજી મંદિરના શિખર પર ધજા ચઢાવવાનો ચાર્જ લાગશે

**ભક્તોને શિખર પર ચડાવવા માટેની ધ્વજા અંબાજી મંદિરે જ શાસ્ત્રોત વિધિ-પૂજન સાથેની મળી રહેશે**

અંબાજી, તા.૧

શક્તિપીઠમાં દર્શન કરવા આવતા ભક્તો માટે અંબાજી મંદિરના સુવર્ણ શિખર ઉપર ધ્વજારોહણનું ખાસ મહત્વ રહેલું હોય છે. જેને લઈ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. સોમનાથ, દ્વારકા બાદ અંબાજી મંદિરમાં પણ આજથી ધ્વજારોહણની સુવિધા શરૂ કરવામાં આવી છે. જેમાં માઈભક્તોને શિખર પર ચડાવવા માટેની ધ્વાજા અંબાજી મંદિરે જ શાસ્ત્રોત વિધિ અને પૂજન સાથેની ધ્વજા મળી રહેશે. જેમાં અલગ અલગ મીટરની ધ્વજા માટે અલગ ચાર્જ નક્કી કરવામાં આવ્યાં છે. અંબાજી મંદિરમાં દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા અગાઉ જે તે યાત્રિકની ધ્વજા ટેમ્પલ ઈન્સ્પેક્ટર ટ્રસ્ટની ઓફિસમાં નોંધણી કરીને ભક્તો ધ્વજારોહણ કરી શકતા જે માટે કોઈ પણ પ્રકારનો ચાર્જ લેવામાં આવતો ન હતો. ૧ ઓગસ્ટ ૨૦૨૪થી ધ્વજારોહણનો ચાર્જ દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા નક્કી કરવામાં આવ્યો છે. સવારે ૭:૦૦ વાગ્યાથી બપોરના સાડા ચાર સુધી જ ધ્વજારોહણ કરી શકશે. ટ્રસ્ટ તરફથી નિયુક્ત કરેલા બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોત વિધિ વિધાનથી પૂજન અર્ચન કરવામાં આવશે. તેના ફોટોગ્રાફસ પણ મોબાઈલ મારફતે ભક્તોને આપવામાં આવશે. દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા ૫,૭,૯ અને ૧૧ મીટરની ધજાઓના ભાવ નક્કી કરાયા છે. ૨૧૦૦, ૨૫૦૦, ૩૧૦૦ અને ૫૧૦૦ ભાવ નકકી કરાયા છે.

### ઇઝરાયેલે ડાયફને હવાઈ હુમલામાં ઠાર માર્યો

# ઇઝરાયેલે હમાસના લશ્કરી વડા મોહમ્મદ ડાયફને ઠાર માર્યો

**ઇઝરાયેલ અને હમાસ વચ્ચે ગયા વર્ષના ઓક્ટોબર મહિનાથી ભીષણ યુદ્ધ ચાલી રહ્યું છે, હમાસ નબળું પડ્યું**

જેરૂસેલમ, તા.૧

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ગયા વર્ષેના ઓક્ટોબર મહિનાથી ભીષણ યુદ્ધ ચાલી રહ્યું છે. જો કે, હમાસ હવે આ યુદ્ધમાં નબળું પડી રહ્યું છે. એક પછી એક હમાસના તમામ ટોચના નેતાઓ અને અધિકારીઓની હત્યા કરવામાં આવી રહી છે. હવે ઈઝરાયેલની સેનાએ જાહેરાત કરી છે કે, હમાસના સૈન્ય વડા મોહમ્મદ ડાયફ માર્યા ગયા છે. ઈઝરાયેલે જુલાઈમાં હવાઈ હુમલામાં ડાયફને ઠાર માર્યો હોવાનો દાવો કર્યો હતો. મોહમ્મદ ડાયફ ઈઝરાયેલના ટોપ મોસ્ટ વોન્ટેડ લિસ્ટમાં સામેલ હતો.

ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સે સોશિયલ મીડિયા પર મોહમ્મદ ડાયફની હત્યાના સમાચારની પુષ્ટિ કરી છે. ઈઝરાયેલની સેનાએ માહિતી આપી છે કે, મોહમ્મદ ડાયફને ઈઝરાયેલ પર ૭ ઓક્ટોબરે થયેલા હુમલા પાછળનો મુખ્ય સૂત્રધાર માનવામાં આવતો હતો. તે હમાસના લશ્કરી વડા હતા. ઉલ્લેખનીય છે કે, ૭ ઓક્ટોબરના રોજ હમાસે ઈઝરાયેલમાં ઘૂસીને લગભગ ૧૨૦૦ લોકોની હત્યા કરી હતી અને સેંકડો લોકોને બંદી બનાવીને ગાઝા પટ્ટી લઈ ગયા હતા.ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સે અહેવાલ આપ્યો છે કે, ૧૩ જુલાઈ, ૨૦૨૪ના રોજ, IDF ફાઈટર પ્લેન્સે ગાઝાના ખાન યુનિસ વિસ્તારમાં હુમલો કર્યો હતો. સેનાએ કહ્યું છે કે, ગુપ્ત માહિતી મળ્યા બાદ બાદમાં એ વાતની પુષ્ટિ કરી શકાશે કે હુમલામાં મોહમ્મદ ડાયફ માર્યો ગયો.મહત્ત્વપૂર્ણ છે કે, મોહમ્મદ ડાયફ ઈઝરાયેલના ટોપ મોસ્ટ વોન્ટેડ લિસ્ટમાં સામેલ હતો. આ પહેલા તે ઘણી વખત ઈઝરાયેલને ફસાવી ચૂક્યો છે. બુધવારે હમાસના રાજકારણી અને પ્રમુખ ઈસ્માઈલ હાનિયાની પણ હત્યા કરવામાં આવી હતી. તેઓ ઈરાનના નવા પ્રમુખના શપથ ગ્રહણ સમારોહ માટે ઈરાનની મુલાકાતે ગયા હતા. ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સે કહ્યું છે કે, હુમલામાં તેહરાનમાં હાનિયાના ઠેકાણાને નિશાન બનાવવામાં આવ્યું હતું, જેમાં હમાસના વડા તેમજ એક અંગરક્ષક માર્યા ગયા હતા.

# કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ૬.૫૦ રૂપિયાનો વધારો કરાયો

નવી દિલ્હી, તા.૧

બજેટ બાદ એક ઓગસ્ટથી જ એલપીજી ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો જોવા મળ્યો છે. ભાવમાં આ વધારો કોમર્શિયલ ગેસ સિલિન્ડરના રેટમાં થયો છે. ઓઈલ કંપનીઓએ જુલાઈના પહેલા દિવસે એટલે કે ૧ જુલાઈના રોજ કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ૩૦ રૂપિયાનો ઘટાડો કર્યો હતો પરંતુ હવે આજથી એટલે કે ૧ ઓગસ્ટથી સિલિન્ડરના ભાવ વધ્યા છે. જાણો વિગતો.

ઓઈલ કંપનીઓએ કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ૬.૫૦ રૂપિયાનો વધારો કર્યો છે. આ સાથેજ હવે દિલ્હીમાં ભાવ ૧૬૪૬ રૂપિયાથી વધીને ૧૬૫૨.૫૦ રૂપિયા થઈ ગયો છે.

આ અગાઉ ૩૧ જુલાઈ સુધી ૧૯ કિલોવાળા કોમર્શિયલ સિલિન્ડરનો ભાવ ૧૬૪૬ રૂપિયા હતો. ચારેય મહાનગરમાં આ ભાવવધારો જોવા મળ્યો છે. કોલકાતામાં જે સિલિન્ડર પહેલા ૧૭૫૬ રૂપિયામાં મળતો હતો તે હવે આજથી ૧૭૬૪.૫૦ રૂપિયામાં મળશે. મુંબઈમાં ભાવ ૧૫૯૮ રૂપિયાથી વધીને ૧૬૦૫ રૂપિયા થઈ ગયો છે.

એ જ રીતે ચેન્નાઈમાં આ સિલિન્ડર માટે પહેલા ૧૮૦૯.૫૦ રૂપિયા ચૂકવવા પડતા હતા અને આજથી હવે ૧૮૧૭ રૂપિયા આપવા પડશે. કંપનીઓએ કોલકાતામાં સૌથી વધુ ૮.૫૦ રૂપિયાનો વધારો કર્યો છે.

### AAP સાંસદે રાજ્યસભામાં કરી મોટી માંગ

# ચૂંટણી લડવાની ઉંમર ૨૫થી ઘટાડીને ૨૧ વર્ષ કરવામાં આવે

નવી દિલ્હી, તા.૧

આમ આદમ પાર્ટીના રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢાએ આજે ગુરુવારે કહ્યું કે આજે જે મુદ્દા પર હું બોલવા માંગુ છું તે મારા દિલની નજીક છે. રાજકારણમાં યુવાનોની ભાગીદારી પર બોલતા તેમણે કહ્યું કે ભારત વિશ્વનો સૌથી યુવા દેશ છે. દેશની સરેરાશ ઉંમર માત્ર ૨૯ વર્ષ છે. ૬૫ ટકા વસ્તી ૩૫ વર્ષથી ઓછી વયની છે. જયારે અડધી વસ્તી ૨૫ વર્ષથી ઓછી વયની છે. શું આપણા નેતાઓ કે પ્રતિનિધિઓ આટલા યુવાન છે? તમને જાણીને નવાઈ લાગશે કે જ્યારે પહેલી લોકસભાની ચૂંટણી થઈ ત્યારે લોકસભામાં ૨૬ ટકા લોકો ૪૦ વર્ષથી ઓછી ઉંમરના હતા.૧૭મા લોકસભામાં માત્ર ૧૨ ટકા નેતાઓની ઉંમર ૪૦ વર્ષથી ઓછી હતી. રાઘવ ચઢ્ઢાએ કહ્યું, “જેમ આપણો દેશ યુવાન બની રહ્યો છે, તે જ પ્રમાણમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ યુવાનોથી દૂર જઈ રહ્યા છે. આજે આપણા યુવા દેશને વૃદ્ધ રાજકારણીઓ દ્વારા ચલાવવામાં આવે છે. જ્યારે દેશને યુવા રાજકારણીઓની જરૂર છે.” તેમણે કહ્યું કે આજે દેશમાં રાજકારણને ખરાબ વ્યવસાય માનવામાં આવે છે. માતા-પિતા ઈચ્છે છે કે તેમનો દીકરો એન્જિનિયર, ડૉક્ટર અને સાયન્ટિસ્ટ, ઓફિસર, સ્પોર્ટ્સપર્સન બને, પરંતુ કોઈ નથી ઈચ્છતું કે તેમનું બાળક રાજકારણી બને. તેમણે સૂચન કર્યું કે દેશમાં ચૂંટણી લડવાની ઉંમર ૨૫ વર્ષ છે. પછી તે લોકસભા હોય કે વિધાનસભા. તમારા દ્વારા હું સરકારને વિનંતી કરવા માંગુ છું કે ઉંમર ૨૫ થી ઘટાડીને ૨૧ વર્ષ કરવામાં આવે. જો ૨૧ વર્ષનો યુવક ચૂંટણી લડવા માંગતો હોય તો તેને મંજૂરી મેળવી જોઈએ. જ્યારે દેશમાં ૧૮ વર્ષનો યુવક સરકાર પસંદ કરી શકે છે તો ૨૧ વર્ષની ઉંમરે ચૂંટણી કેમ ન લડી શકે.

### ગોમતીનગર છેડતી કેસ મામલો

# યોગીએ વિધાનસભામાં બદમાશોના નામ વાંચ્યા, કહ્યું- તેમના માટે બુલેટ ટ્રેન ચલાવશે

## કેસમાં પોલીસે અત્યાર સુધીમાં ચાર આરોપીઓની ધરપકડ કરી, બાકીની શોધખોળ ચાલી રહી છે

લખનૌ, તા.૧

ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌમાં એક હૃદયદ્રાવક વીડિયો સામે આવ્યો છે. વીડિયોમાં એક મહિલા સાથે અભદ્રતાનો મામલો સામે આવ્યો હતો. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પાણીમાં પદયાત્રીઓ સાથે ગેરવર્તન અને છેડતીના મામલામાં કડક કાર્યવાહી કરી છે. આ કેસમાં ડીસીપી, એડીસીપી અને એસીપીને હટાવી દેવામાં આવ્યા છે. તેમજ ગોમતી નગર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ સિવાય પોસ્ટ પર તૈનાત તમામ પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. બાઈક પર સવાર મહિલાની છેડતીના કેસમાં પોલીસે અત્યાર સુધીમાં ચાર આરોપીઓની ધરપકડ કરી છે. બાકીની શોધખોળ ચાલી રહી છે.

ગોમતી નગરમાં છેડતીની ઘટનાને લઈને સીએમ યોગી આદિત્યનાથ એસેમ્બલીમાં નારાજ દેખાયા, તેમણે કહ્યું, 'અમે જવાબદારી નક્કી કરી છે. પહેલો આરોપી પવન યાદવ છે, બીજો અરબાઝ છે. આ સદ્ભાવના વાળા લોકો છે. ચિંતા કરશો નહીં, તેમના માટે બુલેટ ટ્રેન દોડશે.

વાસ્તવમાં લખનૌમાં વરસાદને કારણે ઘણી જગ્યાએ પાણી ભરાઈ ગયા હતા. તાજ હોટલ પાસેના રસ્તાઓ પર પણ પાણી ભરાયા હતા. રસ્તા પર ભરાયેલા પાણીમાં કેટલાક લોકો મજા માણી રહ્યા હતા. આ લોકોએ બાઈક પર પસાર થઈ રહેલા યુવક અને યુવતી સાથે અભદ્ર વર્તન કર્યું હતું. તોફાની તત્વોએ બાઈક પર સવાર યુવક-યુવતી પર પાણી છાંટ્યું હતું. અને બાઈકને પાછળથી પકડીને ખેંચવાનું શરૂ કર્યું હતું.

ઉત્તર પ્રદેશના ગોમતીનગરમાં મરીન ડ્રાઈવ પાસે પુલની નીચે ભરાયેલા પાણીમાં હંગામો મચાવનારા બદમાશોએ તેના મિત્ર સાથે બાઈક પર જઈ રહેલી યુવતી સાથે અભદ્ર વ્યવહાર કરી છેડતી કરી હતી. હવે આ કેસમાં ચાર લોકોની ધરપકડ કરવામાં આવી છે, અને આ કેસમાં ઘણા પોલીસ કર્મચારીઓની પણ ધરપકડ કરવામાં આવી છે.

પોલીસ મહાનિર્દેશક પ્રશાંત કુમારે સોશિયલ મીડિયા દ્વારા જણાવ્યું હતું કે ૩૧ જુલાઈના રોજ, તાજ હોટલ નજીક ગોમતી નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલા અંડરપાસ પાસે વરસાદને કારણે પાણી ભરાઈ ગયું હતું અને કેટલાક બેકાબૂ તત્વોએ રાહદારીઓ અને વાહનચાલકો સાથે ગુંડાગીરી અને અન્ય વાંધાજનક કૃત્યો કર્યા હતા. પ્રવૃતિના સંદર્ભમાં ચાર લોકોની ધરપકડ કરવામાં આવી છે.

આ સાથે સ્થાનિક વરિષ્ઠ પોલીસ અધિકારીઓને હટાવી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત સ્થાનિક ઈન્સ્પેક્ટર ઈન્ચાર્જ, ચોકીના ઈન્ચાર્જ અને ચોકી પર નિયુક્ત તમામ પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જેમને હટાવવામાં આવ્યા છે તેમાં પ્રબલ પ્રતાપ સિંહ, અમિત કુમાવત, શશાંક સિંહ, પંકજ કુમાર સિંહ, કૃપા શંકર, રાઘવેન્દ્ર સિંહ, વિકાસ કુમાર જયસ્વાલ અને અંજુ જૈનનો સમાવેશ થાય છે. જે લોકોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે તેમાં ઈન્સ્પેક્ટર ગોમતીનગર દીપક કુમાર પાંડે, ચોકીના ઈન્ચાર્જ ઈન્સ્પેક્ટર ઋષિ વિવેક, ઈન્સ્પેક્ટર કપિલ કુમાર, કોન્સ્ટેબલ વીરેન્દ્ર કુમારનો સમાવેશ થાય છે.

### સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક ચુકાદો

# SC / STના અનામત ક્વોટાની અંદર ક્વોટા રાખી શકાય : સુપ્રીમ

## અનામત માટે હવે રાજ્ય સરકારો અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓમાં સબ કેટેગરી બનાવી શકે છે

નવી દિલ્હી, તા.૧

સુપ્રીમ કોર્ટની ૭ જજોની બંધારણીય પીઠે ગુરુવારે બહુમતથી એક મહત્વનો ચુકાદો આપ્યો જે મુજબ હવે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિમાં કોટામાં કોટાને મંજૂરી આપવામાં આવી છે. એટલે કે અનામત માટે હવે રાજ્ય સરકારો અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓમાં સબ કેટેગરી બનાવી શકે છે. બંધારણીય પીઠે ૨૦૦૪માં ઈવી ચિન્નૈયા કેસમાં અપાયેલા ૫ જજોના ચુકાદાને પલટી નાખ્યો છે. આ ચુકાદામાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે SC/ST માં સબ કેટેગરી બનાવી શકાય નહીં. સુપ્રીમ કોર્ટે એસસી/એસટીના કોટામાં કોટાને યથાવત રાખ્યું છે. ચીફ જસ્ટિસ ડી વાય ચંદ્રચુડે ૬-૧ ના બહુમતથી અપાયેલો આ ચુકાદો વાંચી સંભળાવ્યો. જસ્ટિસ બેલા ત્રિવેદીએ બાકી જજોથી અસહમતિ જતાવતા આ વિરુદ્ધ મત આપ્યો. સીજેઆઈએ કહ્યું કે અમે ઈવી ચિન્નૈયા કેસમાં અપાયેલા ચુકાદાને ફગાવી દીધો છે. પેટા વર્ગીકરણ કલમ ૧૪નો ભંગ કરતો નથી. કારણ કે ઉપવર્ગોને યાદીમાંથી બહાર રખાયા નથી.

ચુકાદો વાંચી સંભળાવતા સીજેઆઈએ કહ્યું કે વર્ગોથી અનુસૂચિત જાતિઓની ઓળખ કરવા માટે ઉપયોગમાં લેવાયેલા માપદંડથી જ ખબર પડે છે કે વર્ગોની અંદર વિવિધતા છે. તેમણે કહ્યું કે કલમ ૧૫, ૧૬માં એવું કશું જ થી જે રાજ્યને કોઈ જાતિને પેટા વર્ગીકરણ કરતા રોકતા હોય. જો કે સુપ્રીમ કોર્ટે ચુકાદામાં કહ્યું છે કે પેટા વર્ગીકરણનો આધાર રાજ્યો દ્વારા માત્રાત્મક અને પ્રદર્શનયોગ્ય આંકડાઓ દ્વારા યોગ્ય ઠેરવવા જોઈએ, તેઓ પોતાની મરજીથી કામ કરી શકે નહીં. જસ્ટિસ બીઆર ગવઈએ કહ્યું કે ગ્રાઉન્ડ હકીકતથી ઈનકાર કરી શકાય નહીં. એસસી/એસટીની અંદર એવી કેટેગરીઓ છે જેમણે સદીઓથી ઉત્પીડનનો સામનો કરવો પડ્યો છે. તેમણે કહ્યું કે પેટા વર્ગીકરણનો આધાર એ છે કે મોટા સમૂહના એક સમૂહે વધુ ભેદભાવનો સામનો કરવો પડે છે. જસ્ટિસ ગવઈએ ચુકાદામાં જણાવ્યું કે પેટા વર્ગીકરણની મંજૂરી આપતી વખતે રાજ્ય ફક્ત એક પેટા વર્ગ માટે ૧૦૦% અનામત રાખી શકે નહીં.

સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારોને અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓની અંદર પેટા વર્ગીકરણની મંજૂરી આપી દીધી છે. એટલે કે તેના દાયરામાં આવતી જાતિઓની અલગ અલગ કેટેગરી બનાવી શકાશે. સિલેક્ટેડ કેટેગરીની જાતિઓને નિર્ધારિત મર્યાદાની અંદર વધુ અનામત મળશે. દાખલા તરીકે કોઈ રાજ્યમાં ૧૫૦ જાતિઓ જીઝ કેટેગરીમાં આવે છે, રાજ્ય સરકાર ઈચ્છે તો તેની અલગ અલગ કેટેગરી બનાવીને તેમને અનામતમાં વેઈટેજ આપી શકે છે.

### મુલાકાત કરતાં રાજકારણમાં ચર્ચાઓ ચકડોળે ચડી

# કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોરની દિલ્હીમાં અમિત શાહ સાથે મુલાકાત

## ગેનીબેન અમિત શાહને મળ્યા, સરહદ નજીકના 3 જિલ્લાઓમાં BADPની ગ્રાન્ટ ફાળવવા માગ કરી

અમદાવાદ, તા.૧

ગુજરાત ભાજપના નેતાઓ હાલમાં દિલ્હીના આંટાફેરા કરી રહ્યાં છે. તાજેતરમાં કૃષિમંત્રી રાઘવજી પટેલ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને મળ્યાં હતાં. ત્યાર બાદ પોરબંદરના ધારાસભ્ય અર્જુન મોઢવાડિયા પણ અમિત શાહ અને સી.આર. પાટીલને મળ્યા હતાં. આ મુલાકાતોથી ભાજપના નવા પ્રમુખ અને મંત્રીમંડળના વિસ્તરણની ચર્ચાઓએ જોર પકડ્યું છે.

બીજી તરફ બનાસકાંઠા જિલ્લાના કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોરે દિલ્હીમાં અમિત શાહ સાથે મુલાકાત કરતાં રાજકારણમાં ચર્ચાઓ ચકડોળે ચડી છે.

ગુજરાતની બનાસકાંઠા બેઠક પરથી સાંસદ તરીકે ચૂંટાયેલા ગેનીબેન ઠાકોરે સંસદભવનમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. ગુજરાતના બોર્ડરના ત્રણ જિલ્લા બનાસકાંઠા, કચ્છ અને પાટણના ગામોમાં કેન્દ્રીય ગૃહ વિભાગ દ્વારા મ્છઙ્ઢ હેઠળ જે ગ્રાન્ટ આપવામાં આવતી હતી અને ૨૦૨૦થી બંધ કરી દેવામાં આવી છે. તે ગ્રાન્ટ ચૂકવવાની માગ કરી છે. આ ગ્રાન્ટ ત્રણ જિલ્લાઓને આપવા માટે અને નવા ગામ બોર્ડર એરિયામાં સમાવેશ થાય માટે મળીને રજૂઆત કરી હતી.તે ઉપરાંત સરહદી વિસ્તારોમાં શિક્ષણ,આરોગ્ય, વીજળી અને પાણીની સુવિધાઓ વધારવા માટે રજૂઆત કરી હતી.

લોકસભાની ચૂંટણી પહેલાં જ કોંગ્રેસના દિગ્ગજ નેતા અને ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાએ રાજીનામું આપીને ભાજપનો ખેસ ધારણ કર્યો હતો અને ભાજપની જ ટીકિટ પર પોરબંદરથી વિધાનસભાની પેટાચૂંટણી લડીને જીત મેળવી હતી. હવે તેઓ દિલ્હીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલને મળ્યા હતાં.

ત્યારે એવી અટકળો શરૂ થઈ ગઈ છે કે, હવે ભૂપેન્દ્ર પટેલ સરકારમાં મંત્રીમંડળનું વિસ્તરણ થઈ શકે છે. ચૂંટણી બાદ વહેતી થયેલી અટકળોમાં એવું ચર્ચાતુ હતું કે, અર્જુન મોઢવાડિયાને કેબિનેટ મંત્રી બનાવવામાં આવી શકે છે.

### સરકારી અનાજનો જથ્થો બારોબારયુ કરવાનો મામલો થંભાતો જ નથી

# સરકારી ચોખાને કણકી કરીને વિદેશ મોકલવાનું કૌભાંડ

## છેલ્લા ૧૫ દિવસમાં ત્રણ ત્રણ જગ્યાએ પુરવઠા વિભાગની રેડમાં લાખો રૂપિયાનો શંકાસ્પદ સરકારી અનાજનો જથ્થો મળી રહ્યો છે

મહેસાણા,તા.૧

મહેસાણા જિલ્લામાં શંકાસ્પદ સરકારી અનાજનો જથ્થો બારોબારયુ કરવાનો મામલો થંભાતો જ નથી. છેલ્લા ૧૫ દિવસમાં મહેસાણા જિલ્લામાં એક નહીં બે નહીં પણ ત્રણ ત્રણ વખત પુરવઠા વિભાગ દ્વારા કરાયેલી રેડમાં મોટા મોટા ગોડાઉન ભરીને શંકાસ્પદ સરકારી અનાજનો જથ્થો ઝડપાયો છે. મહેસાણા કડીમાં પણ બીજી વખત જે જથ્થો ઝડપાયો તેનું તો આખું મોટું કૌભાંડ જ અલગ છે, એવું જાણવા મળ્યું છે કે સરકારી ચોખાની કણકી કરીને પોર્ટુગલ દેશ મોકલવામાં આવતા હતા અને ઊંચા ભાવે તેનું વેચાણ કરવામાં આવતું હોવાનું સામે આવ્યું છે. શું છે સમગ્ર મામલો? મહેસાણા જિલ્લામાં હવે સરકારી અનાજનો વેપલો જાણે સામાન્ય બની ગયો હોય તેમ છેલ્લા ૧૫ દિવસમાં ત્રણ ત્રણ જગ્યાએ પુરવઠા વિભાગની રેડમાં લાખો રૂપિયાનો શંકાસ્પદ સરકારી અનાજનો જથ્થો મળી રહ્યો છે. મહેસાણાના કડીમાં પંદર દિવસ અગાઉ ૧૬ જુલાઈએ એક જ જગ્યાએ ત્રણ ગોડાઉનમાંથી ચોખા અને ઘઉંનો રૂ.૩૮ લાખનો શંકાસ્પદ સરકારી અનાજ નો જથ્થો મળ્યો હતો. તો ગત રવિવારે સતલાસણા માં રેડ દરમિયાન પુરવઠા વિભાગને રૂપિયા ૨૨ લાખનો શંકાસ્પદ સરકારી અનાજનો જથ્થો મળ્યો હતો. પુરવઠા વિભાગે કડીમાં રેડ કરી ૧૫ દિવસમાં ત્રીજી જગ્યાએથી રૂપિયા ૪૮ લાખની કિંમતનો ચોખાનો શંકાસ્પદ સરકારી જથ્થો સીઝ કર્યો છે. મહેસાણા જિલ્લામાં છેલ્લા ૧૫ દિવસમાં ત્રણ અલગ અલગ જગ્યાએથી શંકાસ્પદ સરકારી અનાજનો લાખો રૂપિયાનો જથ્થો મળ્યો છે ત્યારે ત્રીજી વખત થયેલી કાર્યવાહીમાં કડી માંથી મળેલ ચોખાનો જથ્થો વિદેશ મોકલાતો હોવાનું કૌભાંડ સામે આવ્યું છે. પુરવઠા વિભાગની પ્રાથમિક તપાસમાં સ્થળ પરથી એવા પેકિંગ મળી આવ્યા છે કે જેના પર પોર્ટુગલ ભાષામાં પ્રિન્ટ કરેલી છે. જે પેકિંગ પરથી પ્રાથમિક અંદાજ પુરવઠા વિભાગ લગાવી રહ્યું છે કે આ જથ્થો પોર્ટુગલ મોકલવામાં આવતો હશે. એટલે કે એમ કહી શકાય કે ગરીબના પેટમાં પહોંચાડવામાં આવતું સસ્તુ સરકારી અનાજ અમીરોની હવેલીમાં થઈને વિદેશ પહોંચતું હતું જેનો ડબલ ભાવમાં વેચાણ કરી અનાજ માફિયા કમાણી કરતા હતા. કડીમાં નાની કડી વિસ્તારમાં આવેલા રાજુભાઈ મદનલાલ કેલાની અંબિકા ઈન્ડસ્ટ્રીઝમાં આ સમગ્ર રેડ કરવામાં આવી હતી. રાત્રિ દરમિયાન કરાયેલા દરોડામાં રૂપિયા ૪૮ લાખ ૫૯૦૦૦ નો ચોખાનો જથ્થો સીઝ કરવામાં આવ્યો છે. સ્થળ પર તપાસ કરતા સરકારી શંકાસ્પદ ચોખાના અનાજ ને કટકા કરી તેની કણકી બનાવવામાં આવતી હતી અને આ કણકી પોર્ટુગલ દેશમાં ડબલ ભાવે એક્સપોર્ટ કરાતું હોવાનો અંદાજ લગાવાઈ રહ્યો છે. જે જોતા જ પુરવઠા વિભાગ પણ શબ્દ થઈ ગયું હતું અને મહેસાણા જ નહીં પરંતુ ઉત્તર ગુજરાતમાંથી ચોખાની કણકી બનાવી એક્સપોર્ટ કરવાનું એક મોટું અનાજ માફીયાઓનું કૌભાંડ પુરવઠા વિભાગે પકડી પાડ્યું છે. પ્રાથમિક તપાસમાં આ ચોખા સરકારી હોવાનું જણાઈ આવે છે ત્યારે તેને લેબ ટેસ્ટ માટે પણ મોકલી આપવામાં આવ્યા છે. મહેસાણા જિલ્લામાં ચોખામાંથી કણકી બનાવવાની કોઈ ફેક્ટરી ન હોવાથી માત્ર મહેસાણા જ નહીં પરંતુ પાટણ સાબરકાંઠા અને બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતમાંથી સરકારી ચોખાનો જથ્થો અહીંયા લાવવામાં આવતો હોવાનો અંદાજ લગાવાઈ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે અગાઉ કડી એપીએમસીમાં દુકાન ધરાવતા સોલંકી જેઠુભા દિપસિંહ ને ત્યાં પુરવઠા વિભાગે રેડ કરી રૂપિયા ૨૨ લાખનો શંકાસ્પદ સરકારી અનાજનો જથ્થો સીઝ કર્યો હતો. ત્યારબાદ કડીના છત્રાલ રોડ પર બુડાસણ નજીક ત્રણ ગોડાઉન ભરીને શંકાસ્પદ સરકારી અનાજ નો જથ્થો ચોખા અને ઘઉં સીઝ કર્યા હતા. ત્યારબાદ સતલાસણામાં પણ શંકાસ્પદ સરકારી અનાજનો જથ્થો ભરેલ ગોડાઉન સીઝ કરાયું હતું. અને હવે ફરીથી કડીમાં ૪૮ લાખનો શંકાસ્પદ સરકારી ચોખાનો જથ્થો સિઝ કરાયો છે. એટલે કે આ ત્રણેય રેડની અંદર સીઝ કરવામાં આવેલ જથ્થોની કુલ રકમ એક કરોડથી પણ ઉપર થવા જાય છે. જો એક જ વખતની રેડમાં લાખો કરોડોનો જથ્થો મળતો હોય તો એ વિચાર કરી શકાય કે આ અનાજ માફીઆઓ કેટલા સમયથી કાર્યરત હશે અને કેટલા કરોડનો સરકારી જથ્થો અત્યાર સુધી સગે વગે પણ કરી દીધો હશે તો તેમાં કોઈ સરકારી બાબુઓ ના પણ ખિસ્સા ગરમ કર્યા છે કે કોઈની મદદ વગર આટલું મોટું કૌભાંડ કર્યું કેવી રીતે તેવા અનેક સવાલો પણ ઊભા થવા જાય છે જે દિશામાં તપાસ થવી જરૂરી છે અને તપાસ દરમિયાન મોટાં અનાજ માફિયા ના નામ પણ સામે આવી શકે છે તેમ કહીએ તો નવાઈ નહીં.

### આંતરિક સર્વેમાં ચોકાવનારું પરિણામ

# ચૂંટણી પહેલાં મહારાષ્ટ્રમાં ભાજપના ટેન્શનમાં વધારો

## તાજેતરમાં જ પૂર્ણ થયેલી લોકસભાની ચૂંટણીઓમાં પણ ભારતીય જનત પાર્ટીની બેઠકોમાં ઘટાડો નોંધાયો હતો

મુંબઈ, તા.૧

મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. આ વચ્ચે એવી અટકળો લગાવવામાં આવી રહી છે કે ભારતીય જનતા પાર્ટીને રાજયમાં મોટા નુકસાનની ચિંતા સતાવી રહી છે. જોકે આ અંગે સત્તાવાર રીતે કંઈ કહેવામાં નથી આવ્યું. તાજેતરમાં જ પૂર્ણ થયેલી લોકસભા ચૂંટણીમાં પણ ભાજપની બેઠકોમાં ઘટાડો નોંધાયો હતો. આ ઉપરાંત એવી પણ અટકળો લગાવવામાં આવી રહી છે RSS (રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ) ભાજપ સાથે અજીત પવારના ગઠબંધનથી ખુશ નથી. પ્રાપ્ત માહિતી પ્રમાણે મુખ્યમંત્રી એકનાથ શિંદેને ભાજપની મદદથી સત્તામાં પાછા ફરવાનો વિશ્વાસ છે. જોકે એક અહેવાલ પ્રમાણે ભાજપ પોતાના પ્રદર્શનથી ચિંતિત નજર આવી રહી છે. અહેવાલ પ્રમાણે ભાજપ દ્વારા કરાવવામાં આવેલ આંતરિક સર્વે સંકેત આપી રહ્યો છે કે પાર્ટી ૨૮૮ વિધાનસભા બેઠકોમાંથી માત્ર ૫૫ થી ૬૫ બેઠકો પર જ જીત હાંસલ કરી શકશે. જોકે ૨૦૧૪માં આંકડો ૧૨૨ અને ૨૦૧૯માં ૧૦૫ હતો. બીજી તરફ મહાયુતીમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીનો વિસ્તાર પણ તુટી રહ્યો છે. તાજેતરમાં જ પિમ્પરી ચિંચવાડ પ્રમુખ અજીત ગવ્હાણે સહિત અનેક નેતાઓએ NCPને અલવિદા કહી દીધું હતું. અહેવાલ પ્રમાણે ઈજીજી ભાજપ અને અજીત પવારના ગઠબંધનના પક્ષમાં નથી.

આ અગાઉ પણ ઓર્ગેનાઈઝરમાં લોકસભા ચૂંટણીમાં ભાજપના ખરા પ્રદર્શનનું કારણ અજીત પવારને ગણાવ્યા હતા. તાજેતરમાં જ મરાઠી મેગેઝીનમાં પણ આ પ્રકારની વાત કહેવામાં આવી હતી. RSSનુ માનવું છે કે, અજીત પવાર સાથે ગઠબંધનના નિર્ણયના કારણે ભાજપની છબીને નુકસાન પહોંચ્યું છે.

માહિતી એવી પણ મળી રહી છે કે ઈજીજી અને ભાજપના કેટલાક કાર્યકર્તાઓ પણ અલગ-થલગ અનુભવી રહ્યાં છે અને કામ કરવાનો ઈનકાર કરી રહ્યા છે. અહેવાલ પ્રમાણે તેમણે ભાજપને સંદેશ પહોંચાડી દીધો છે કે અજીત પવારની દ્રઝ઼ સાથે ગઠબંધન સમાપ્ત કરી દેવું જોઈએ. શિવસેના (UBT) ચીફ ઉદ્ધવ ઠાકરેએ બુધવારે એલાન કરી દીધું હતું કે રાજનીતિમાં મારા અથવા ડેપ્યુટી સીએમ દેવેન્દ્રમાંથી કોઈ એક જ બચશે. ઠાકરેએ ભારતીય જનતા પાર્ટીના નેતા પર તેમને અને તેમના દીકરાને જેલમાં મોકલવાનું ષડયંત્ર રચવાનો પણ આરોપ લગાવ્યો છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ મહારાષ્ટ્રમાં આવીને ભાજપ માટે વિધાનસભા ચૂંટણીમાં પ્રચાર કરવાનો પડકાર ફેંક્યો છે.

### ૯૦ લાખની મશીનરી ધૂળ ખાતી હાલતમાં

# ભાવનગરમાં સિવિલ વર્ક મટિરિયલની લેબ શોભાના ગાંઠિયા સમાન બની

## લેબનું ઉદ્‌ઘાટન નહિ થતા લેબોરેટરી શરૂ થઈ નથી, તેથી મહાપાલિકાએ સીવીલ વર્કના મટીરીયલ્સના તમામ ટેસ્ટીંગ હજુ બહાર કરાવવા પડી રહ્યા છે

ભાવનગર,તા.૧

ભાવનગર મનપાના આયોજનના અભાવે સિવિલ વર્ક મટિરિયલની લેબ હાલ શોભાના ગાંઠિયા સમાન બની છે અને લેબમાં ૯૦ લાખના ખર્ચે વસાવાયેલી મશીનરી ધૂળ ખાઈ રહી છે. લેબ ટેસ્ટિંગ બિલ્ડીંગ પણ બનાવી દેવાઈ પરંતુ હજુ લેબ શરૂ ન થતા મોટી રકમ ચુકવી ખાનગી લેબમાં સિવિલ વર્કના કામોનો ટેસ્ટ કરાવવો પડી રહ્યો છે.ભાવનગર મહાનગરપાલિકાની પાસે સિવિલ વર્કના મટિરિયલ્સના તમામ ટેસ્ટિંગ થઈ શકે તેવી લેબોરેટરી છે પણ શરૂ થઈ રહી નથી, જેને કારણે આ ટેસ્ટિંગ ખાનગી લેબોરેટરીમાં કરાવવા પડતા હોય છે. સિવિલ વર્કના તમામ ટેસ્ટિંગ થઈ શકે તે માટે મનપા તંત્ર એ BADA ની ઓફીસ ની બાજુમાં લેબ ટેસ્ટ બિલ્ડીંગ પણ બનાવી દીધું, સમગ્ર સાધનો પણ આવી ગયા છે. પરંતુ કોઈ કારણોસર આ બિલ્ડીંગની રીબીન નથી કપાણી, જેને કારણે ના છૂટકે મનપાને મોટા પૈસા ચૂકવીને ખાનગી લેબોરેટરીમાં સિવિલવર્ક ના કામોનું લેબોરેટરી ટેસ્ટ કરવા મજબુર બનવું પડી રહ્યું છે. સરકારી તંત્રમાં મોટાભાગના કામ સમયસર થતા નથી, જેના પગલે ઘણી મૂશ્કેલીઓ ઉભી થતી હોય છે, આવુ જ ચિત્ર હાલ ભાવનગર મહાપાલિકામાં જોવા મળી રહ્યું છે. ભાવનગર મહાપાલિકામાં સીવીલ વર્ક જેમાં નવા બનતા રોડ, બિલ્ડીંગના મટીરીયલ્સના તમામ ટેસ્ટીંગ થઈ શકે તે માટે લાંબા સમયથી લેબોરેટરીનુ કામ શરૂ છે. પરંતુ આયોજનના અભાવે લેબોરેટરી શરૂ થઈ શકી નથી, હાલ જ શહેરમાં બનતા નવા વ્હાઈટ રોડના ખાનગી લેબ રિપોર્ટમાં પણ વિસંગતતા આવી હતી. જેથી મનપા એ પોતાની લેબ શરૂ કરવી અતિ જરૂરી છે. જેથી નબળી ગુણવત્તાની કામગીરીના થઈ શકે, મહાપાલિકા પાસે સિવીલ વર્કના મટીરીયલ્સના તમામ ટેસ્ટીંગ થઈ શકે તેવી લેબોરેટરી છે.થોડા સમય પહેલા જ ૯૦ લાખના ખર્ચે લેબની મશીનરી લાવવામાં આવેલી છે અને ૪૦ લાખના ખર્ચે નવી લેબનું બિલ્ડીંગ પણ બનાવવામાં આવેલુ છે. હાલમાં મનપા પાસે આધુનિક લેબ તૈયાર છે. પરંતુ લેબનું ઉદ્‌ઘાટન નહિ થતા લેબોરેટરી શરૂ થઈ નથી, તેથી મહાપાલિકાએ સીવીલ વર્કના મટીરીયલ્સના તમામ ટેસ્ટીંગ હજુ બહાર કરાવવા પડી રહ્યા છે.આ લેબોરેટરી ઝડપથી શરૂ થાય તેવુ આયોજન કરવા કમિશનરે આદેશ કર્યો છે. લેબોરેટરી ચાલુ જુલાઈ માસના અંત સુધીમાં શરૂ થઈ જશે તેવો દાવો સ્ટેન્ડિંગ ચેરમેને કર્યો છે. હવે લેબોરેટરી કયારે શરૂ થાય છે? તેની રાહ જોવી રહી. હાલ લેબોરેટરી શરૂ નહીં થતા મહાપાલિકાએ સીવીલ વર્કના મટીરીયલ્સના તમામ ટેસ્ટીંગ ખાનગી લેબોરેટરીમાં કરાવવા પડી રહ્યા છે. ભાવનગર મહાનગરપાલિકા પાસે હાલ સિવિલ વર્કના મટીરીયલ્સના ટેસ્ટીંગ માટેની લેબોરેટરી નથી તેથી ખાનગી લેબોરેટરીમાં રીપોર્ટ કરાવવા પડતા હોય છે. તાજેતરમાં ખાનગી લેબોરેટરીમાં વ્હાઈટ ટોપિંગ રોડના બે રિપોર્ટ કરાવવામાં આવ્યા હતા અને આ બે રિપોર્ટમાં વિસંગતતા જોવા મળી હતી તેથી લેબોરેટરીના સંચાલકને મહાપાલિકાના કમિશનરે લેખિતમાં ખુલાસો પુછયો છે. મનપાની લેબોરેટરી શરૂ થશે ત્યારે ખાનગી લેબોરેટરીમાં રિપોર્ટ કરાવવા ના પડે તે હેતુથી મનપાના સ્ટેડિંગ કમિટીના ચેરમેનને આ બિલ્ડીંગને તત્કાલ શરૂ કરવાની ખાત્રી આપી છે. હાલ તો આ લેબોરેટરી અને તેમાં રહેલા સાધનો પણ ધૂળ ખાઈ રહ્યા છે.

# વાયનાડમાં ભૂસ્ખલને તારાજી સર્જી ત્યાં પહોંચ્યા રાહુલ-પ્રિયંકા

વાયનાડ, તા.૧

કેરળના વાયનાડ જિલ્લામાં મંગળવારે (૩૦ જુલાઈ) મેપડી નજીકના વિવિધ પહાડી વિસ્તારોમાં ભૂસ્ખલનથી ભારે તબાહી સર્જાઈ હતી. આ કુદરતી આફતમાં અત્યાર સુધીમાં ૧૬૦થી વધુ લોકોના મોત થયા છે, જ્યારે ૨૦૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. મૃત્યુઆંક હજુ પણ વધી શકે છે. ભૂસ્ખલન પ્રભાવિત વિસ્તારોમાં સેના દ્વારા રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે. ત્યારે કોંગ્રેસના નેતા અને વાયનાડના પૂર્વ સાંસદ રાહુલ ગાંધી અને તેમના બહેન અને કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા આજે ભૂસ્ખલન પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લઈને પીડિત પરિવારો સાથે મુલાકાત કરી હતી.રાહુલ ગાંધી અને પ્રિયંકા વાડ્રા સવારે વાયનાડ પહોંચ્યા હતા. પાર્ટીના મહાસચિવ અને અલપ્પુઝાના સાંસદ કે.સી. વેણુગોપાલ પણ તેમની સાથે છે. રાહુલ અને પ્રિયંકા મેપડી ખાતેના સામુદાયિક આરોગ્ય કેન્દ્ર માટે રવાના થયા હતા. ત્યાંથી બંને ડૉ.મૂપેન મેડિકલ કોલેજ અને મેપડી ખાતે બે રાહત શિબિરોની પણ મુલાકાત કરશે. ઉલ્લેખનીય છે કે વાયનાડમાં ભૂસ્ખલનથી તબાહી સર્જાઈ છે. વાયનાડથી આવી રહેલી તસ્વીરો ત્યાંની તબાહીની વાર્તા કહી રહી છે. તબાહીની તસવીરોથી માત્ર કેરળ જ નહીં પરંતુ સમગ્ર દેશના લોકોને હચમચાવી દીધા છે. નોંધનીય છેકે રાહુલ ગાંધીએ ૨૦૧૯માં વાયનાડ લોકસભા બેઠક પરથી ચૂંટણી જીતી હતી અને ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં પણ તેઓ અહીંથી ફરી જીત્યા હતા. કોંગ્રેસ નેતાએ ઉત્તર પ્રદેશની રાયબરેલી લોકસભા બેઠક પણ જીતી ચૂક્યા છે, બાદમાં રાહુલ ગાંધીએ વાયનાડ બેઠક છોડવાનો નિર્ણય કર્યો હતો. હવે આ બેઠક પરથી પ્રિયંકા ગાંધી પેટાચૂંટણી લડે તેવી શક્યતા છે.

### વધુ એક વ્યાજખોર પોલીસની ચુંગાલમાં આવ્યો

# ખેડૂત પાસેથી જમીન પડાવવા જતાં વ્યાજખોરે જેલના સળિયા ગણવા પડશે

## વ્યાજખોરે ૧૨ લાખની રકમનું ૧૩ લાખ વ્યાજ વસૂલવા છતાં ખેડૂતના પાસેથી સાટાખત કરાવી કિંમતી જમીન કબ્જે કરી લેતા આ મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ

ગોંડલ,તા.૧

વ્યાજના વિષચક્રમાંથી કોણ બચી શક્યું છે. જયારે ઔપચારિક બેકિંગ સિસ્ટમ લોકોને નાણા આપતી નથી ત્યારે લોકોએ આ રીતે બિનપરંપરાગત રીતે ધિરાણ કરતાં શાહુકારોનો આશરો લેવાની ફરજ પડી છે. આવી જ સ્થિતિ ગોંડલના ખેડૂતની થઈ છે.ગોંડલમાં મોવિયા ગામે રહેતા ખેડૂતને વ્યાજના વિષચક્રમાં ફસાવી વ્યાજખોરે ૧૨ લાખની રકમનું ૧૩ લાખ વ્યાજ વસૂલવા છતાં ખેડૂતના પાસેથી સાટાખત કરાવી કિંમતી જમીન કબ્જે કરી લેતા આ મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. જેમાં ગોંડલ પોલીસે ગુનો નોંધી વ્યાજખોરની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે. ગોંડલના ૧૨ લાખ રૂપિયા વ્યાજે આપીને ૧૩ લાખ રૂપિયા વ્યાજ વસૂલી લીધુ હોવા છતાં પણ ખેડૂતની જમીન નામે લખાવી લેતા પોલીસ કેસ થયો છે. આમ વધુ એક વ્યાજખોર પોલીસની ચુંગાલમાં આવ્યો છે. પોલીસ કેસ થવાના લીધે વ્યાજખોરે હવે જેલના સળિયા ગણવા પડી શકે તેમ છે.આશ્ચર્યની વાત એ છે કે વ્યાજખોરો સામે સમગ્ર રાજ્યમાં પોલીસે અભિયાન આદર્યુ હોવા છતાં રાજ્યમાં વ્યાજવટાવનો ધંધો બંધ થતો નથી. આ બતાવે છે કે બેકિંગ અને એનબીએફસી ચેનલો પણ નાણાકીય જરૂરિયાતને સંતોષવામાં નિષ્ફળ રહી છે.ગોંડલ તાલુકાના મોવિયા ગામેના ગોવિંદનગરની કન્યા શાળા પાસે રહેતા ખેડૂત ચંદુભાઈ શવજીભાઈ રાદડિયાએ પોલીસ ફરિયાદ નોંધાવતા વ્યાજખોર માવજીભાઈ છગનભાઈ કોટડિયા સામે ગુનો નોંધ્યો છે. ચંદુભાઈ દારડિયાએ ફરિયાદમાં જણાવ્યા મુજબ તેમને રૂપિયાની જરૂર પડતા પાંચેક વર્ષ પૂર્વે માવજીભાઈ પાસેથી ૪ ટકા વ્યાજે એક લાખ લીધા હતા, જેના અવેજમાં આરડીસી બેંકના કોરા ચેક આપ્યા હતાં.તેના પછી વધુ રકમની જરૂર પડતા ૫.૫૦ લાખ અને ૬.૫૦ લાખ એમ કુલ ૧૨ લાખ ચંદુભાઈએ માવજી કોટડિયા પાસેથી લીધા હોય જેનું નિયમિત વ્યાજ ચૂકવતા હતાં અને અત્યાર સુધી ૧૩ લાખ જેટલી વ્યાજની રકમ ચૂકવ્યા છતાં વ્યાજે આપેલા રૂપિયાનું વધુ પઠાણી વ્યાજ વસૂલવા માટે માવજીભાઈએ ધાક ધમકી આપી હતી.ચંદુભાઈએ વ્યાજે લીધેલી રકમના સામે ગીરવે પોતાની જમીન રાખી હોય અને જે જમીનનું સાટાખત માવજીભાઈને કરી આપ્યું હોય ૧૨ લાખની રકમનું ૧૩ લાખ વ્યાજ ચૂકવ્યું હોવા છતાં ચંદુભાઈએ આ કિંમતી જમીન ઉપર કબ્જો કરી લીધો હતો. પોતાની કિંમતી જમીન ઉપર ખેતી કરતા ચંદુભાઈને ખેતીની જમીન ઉપર ખેતી કરવાની પણ મનાઈ કરી દીધી હતી. પોતાની આજીવિકા માટે ખેતીકામ કરતા ચંદુભાઈ રાદડિયાની આર્થિક સ્થિતિ પણ કથળી ગઈ હતી.અનેક વખત પોતાની જમીન પાછી મેળવવા માવજી કોટડિયાને આજીજી કરતા તે જમીન પરત આપવા માટે ચડત વ્યાજ સહિત નાણા ચૂકવવા માટે વારંવાર માવજીભાઈએ ધાકધમકી આપવાનું શરૂ કર્યુ હતું. આથી કંટાળીને અંતે ચંદુભાઈએ પોલીસની મદદ માંગી હતી અને જે બાબતે ચંદુભાઈએ પોલીસ ફરિયાદ નોંધાવતા વ્યાજખોર સામે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

### પોલીસ માટે સૌથી મોટી ખબર

# રાજ્યમાં ૨૩૩ PSI ને PI તરીકે પ્રમોશન આપવામાં આવ્યા

ગાંધીનગર,તા.૧

લોકસભાની ચૂંટણી બાદ ગુજરાતમાં મોટા ઉલટફેર જોવા મળી રહ્યા છે. ગઈકાલે સાંજે ૧૮ IAS અને ૮ IPS અધિકારીઓની બદલી કરવામાં આવી હતી. હવે રાજ્યમાં ૨૩૩ PSIને PI તરીકે પ્રમોશન આપવામાં આવ્યા છે. પોલીસ સબ ઈન્સ્પેકટરોને પોલીસ ઈન્સ્પેક્ટર વર્ગ-૨નું પ્રમોશન અપાયું છે. ગુજરાત પોલીસ વિભાગે બઢતી માટે પસંદગી યાદી જાહેર કરી છે. ઘણા સમયથી બિન હથિયારી PSI બઢતીની રાહ જોઈ રહ્યા હતા. ડીજી ઓફિસે બઢતીના આદેશ કર્યા હતા. ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં લોકસભાની ચૂંટણી બાદ એક સાથે ૧૮ IPS અને ૮ IPS અધિકારીઓની બદલી કરવામાં આવી હતી. ૮ IPS અધિકારીઓની બદલીમાં રાજુ ભાર્ગવ, વિકાસ સુંદા, બિશાખા જૈન, રાઘવ જૈન, જીતેન્દ્ર મુરારીલાલ અગ્રવાલ, ડો.નિધિ ઠાકુર, કોરુકોન્ડા સિદ્ધાર્થ અને જે.એ.પટેલનો સમાવેશ થાય છે. અગ્નિકાંડ સમયે રાજકોટના પોલીસ કમિશનર રહેલા રાજુ ભાર્ગવને આર્મ્ડ યુનિટના છઙ્ઢઁ બનાવ્યા હતા.

# અમરેલીનાં 'નિત્યમ વિદ્યાસંકુલમાં' નાયબ દંડક કૌશિક વેકરિયા દ્વારા વૃક્ષારોપણ કરાયું





અમરેલી આજરોજ કૌશિકભાઈ વેકરીયાનાં હસ્તે નિત્યમ વિદ્યાસંકુલ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો. નિત્યમ વિદ્યાસંકુલના ફાઉન્ડર અને ચેરમેન હસમુખ પટેલના નવ નિર્મિત્ત સંકુલ ખાતે તેમની પર્યાવરણ પ્રત્યેની લાગણી અને જાગૃતતા પરિણામ સ્વરૂપે ટુંકાગાળામાં ૧૪૦૦થી પણ વધુ વૃક્ષોનું વાવેતર અને જતન જોઈ નાયબ ઉપદંડક કૌશિકભાઈએ હર્ષની લાગણી વ્યકત કરતા સંકુલના બાળકો અભિનંદન સહ શુભાઆશિષ પાઠવ્યા અને પટેલ સાહેબને પણ બાળકોમાં સાચા અર્થની પાર્યવરણ જાગ્રૃતિ જગાડવા બદલ સાચા અર્થમાં કેળવણીકાર તરીકે બિરદાવી શુભેચ્છા પાઠવી. આ તકે ટ્રસ્ટી પવિણભાઈ વસરા, હરેશભાઈ દેસાઈ, જીગ્નેશભાઈ કયાડા પિયુષભાઈ ગોહિલ, ભાજેશભાઈ ગજેરા, મગનભાઈ વસોયા તેમજ આચાર્ય, શિક્ષકગણ અને વિદ્યાર્થી દ્વારા ખૂબ જ જહેમત ઉઠાવી મોટી સંખ્યામાં વૃક્ષો વાવી તેનું જતન કરવા પ્રતિજ્ઞા લીધી હતી. આ માટે ચેરમેન હસમુખ પટેલે તમામને અભિનંદન પાઠવ્યા હતા.

## પુષ્પા એન્ડ હસમુખ યુએસએ તરફથી ટીંબીની શ્રી નિર્દોષાનંદજી હોસ્પિટલને રૂપિયા ૧૦ લાખની આર્થિક મદદ

### અગાઉ પણ ૫૧ લાખની સહાય મળેલ



ટીંબી, તા. ૧

સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીંબી (જી.ભાવનગર)માં ચાલતા નિઃશુલ્ક આરોગ્યલક્ષી સેવાકાર્યમાં સહભાગી થવાનાં શુભાશયથી પુષ્પા એન્ડ હસમુખ શાહ યુ.એસ.એ ફાઉન્ડેશન તરફથી અમેરીકન ડોલર ૧૨,૫૦૦ (આશરે રૂપિયા દસ લાખ) જેવી માતબર રકમનું અનુદાન અશોકભાઈ શેઠના વરદ હસ્તે પ્રાપ્ત થયેલ છે. હોસ્પિટલ ટ્રસ્ટી મંડળે પુષ્પા એન્ડ હસમુખ શાહ યુ.એસ.એ ફાઉન્ડેશન તથા અશોકભાઈ શેઠ અને તેમનાં પરીવારજનોનો હદયપૂર્વકનો આભાર વ્યકત કરેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ પણ દાતા તરફથી અંકે રૂપિયા એકાવન લાખ જેવી માતબર રકમનું અનુદાન પ્રાપ્ત થયેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૭૦ | ૧૧૭૮ |
| ૨ | શિંગ મોટી | ૧૦૨૬ | ૧૨૪૦ |
| ૩ | શિંગદાણા | ૧૧૦૦ | ૧૫૮૬ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૨૯૨ | ૧૪૭૧ |
| ૫ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૭૨૮ |
| ૬ | તલ કાળા | ૩૦૦૦ | ૩૪૯૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૫૦૦ | ૩૫૨૫ |
| ૮ | બાજરો | ૪૬૫ | ૪૮૮ |
| ૯ | જુવાર | ૪૫૦ | ૭૫૪ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૪૦ | ૫૯૨ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૭૨ | ૫૬૭ |
| ૧૨ | મગ | ૧૨૮૫ | ૧૬૨૫ |
| ૧૩ | ચણા | ૧૨૬૮ | ૧૩૩૮ |
| ૧૪ | તુવેર | ૧૩૯૬ | ૨૧૦૦ |
| ૧૫ | કપાસ | ૯૩૧ | ૧૫૬૪ |
| ૧૬ | એરંડા | ૯૨૫ | ૧૧૪૮ |
| ૧૭ | જીરૂ | ૪૪૦૦ | ૪૯૨૦ |
| ૧૮ | ધાણા | ૯૮૦ | ૧૩૪૫ |
| ૧૯ | અજમા | ૧૧૫૦ | ૨૫૫૦ |
| ૨૦ | સોયાબીન | ૭૪૮ | ૮૧૯ |
| ૨૧ | રનકાનું બી | ૪૭૦૦ | ૫૩૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી પાલિકાનાં સફાઈ કામદારોની**

દિવસોમાં પ્રતિક ધરણા આંદોલનને આક્રમક બનાવવાની ચીમકી આપી છે.

અમરેલી પાલિકાનાં પટાંગણમાં છેલ્લા એકાદ અઠવાડીયાથી સફાઈ કામદારો પ્રતિક ધરણા કરીને સુત્રોચ્ચાર કરી રહ્યા છે અને બીજી તરફ પાલિકાનાં શાસકોને સમાધાન કોઈ માર્ગ સુઝતો નથી.

અમરેલી જિલ્લાનાં મહત્વનાં પદાધિકારીઓએ રાષ્ટ્રીય નેતાઓ સાથેનું ફોટોસેશન પૂર્ણ થયું હોય તો તુરત જ જિલ્લાનાં મુખ્ય શહેરની સવા લાખની જનતા પર રોગચાળાનો ખતરો ઉભો થયો હોય તેના નિરાકરણ માટે શહેરમાં સફાઈ કાર્ય પુનઃ શરૂ થાય તે માટેની કામગી હાથ પરલેવી જરૂરી છે.

પાના ૮ ઉપરનું ચાલું **રાજુલાનાં માંડરડીનાં વતની**

પહેલા ભાવનગર ખાતે પાર્ટનરમાં હોસ્ટેલ હોય. જેમા તલાટી મંત્રીને તેના પાર્ટનર સાથે મનદુઃખ થતાં બંને જુદા પડી ગયેલ હોય. જે બાબતે ગત તા. ૨૭ ના રોજ પ્રતાપભાઈ મુળુભાઈ ગીયડ તથા ગોવિંદભાઈ ગીયડને ભાવનગર ખાતે માથાકુટ થયેલ હોય. જે બાબતે ગોવિંદભાઈએ તલાટી મંત્રી વિરૂધ્ધમાં નીલમબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરેલ હોય. જે માથાકુટનુ મનદુઃખ રાખી રાજુલાના અમુલી ગામે રહેતા રાજવીરભાઈ અમરૂભાઈ ઉર્ફે અમરાભાઈ ગીયડ સહિત ૬ ઈસમો એકસંપ થઈ ગેરકાયદે મંડળી રચી, લોખંડના પાઈપ, લાકડી જેવા હથિયાર લઈ તલાટી મંત્રી તથા ભિખુભાઈને ગાળો આપી જાનથી મારી નાખવાના ઈરાદે તલાટી મંત્રીને માથાના ભાગે ઉપરા–ઉપરી બે જીવલેણ ઘા મારી ગંભીર ઈજા કરી તથા ડાબા પગના પંજા પર લોખંડના પાઈપના બે ત્રણ ઘા મારી ડાબા પગના પંજામા ફેકચર જેવી ઈજા કરી તથા જમણા હાથે લોખંડનો પાઈપ મારી ફેકચરની ઈજા કરી તથા શરીરે આડેધડ લોખંડના પાઈપ તથા લાકડીથી મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૪૦ | ૧૫૫૨ |
| ૨ | મગફળી | ૧૦૫૦ | ૧૨૨૫ |
| ૩ | જીરૂ | ૪૫૦૦ | ૪૭૦૦ |
| ૪ | ઘઉં | ૪૫૦ | ૫૦૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૧૭૨ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૦ | ૧૨૨૦ |
| ૩ | શીંગદાણા | ૧૫૦૦ | – |
| ૪ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૫૧૨ |
| ૫ | તલ કાળા | – | ૩૨૩૧ |
| ૬ | જીરૂ | ૪૦૦૦ | ૪૬૫૦ |
| ૭ | કપાસ | ૮૫૦ | ૧૫૭૨ |
| ૮ | ઘઉં લોકવન | ૫૨૫ | ૫૫૮ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૪૬ | ૫૬૨ |
| ૧૦ | બાજરો | ૪૩૧ | ૫૩૦ |
| ૧૧ | જુવાર | ૪૫૬ | – |
| ૧૨ | મગ | ૧૪૫૧ | ૧૪૯૨ |
| ૧૩ | ચણા | ૧૨૭૦ | ૧૩૫૪ |
| ૧૪ | તુવેર | ૧૯૦૧ | ૨૧૮૦ |
| ૧૫ | એરંડી | ૧૦૦૦ | ૧૧૫૧ |
| ૧૬ | રાય/રાયડો | ૯૮૬ | – |
| ૧૭ | ધાણા | ૧૨૬૦ | – |

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીના દેવભૂમિ દેવળીયાનાં**

શિવમંદિરને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવશે.

તાજેતરમાં જિલ્લા પ્રવાસન વિકાસ સમિતિની મળેલ બેઠકમાં ગામ પંચાયતના પ્રસ્તાવને મંજુરી આપીને ઉચ્ચકક્ષાએ મોકલવામાં આવતાં આગામી દિવસોમાં દેવભૂમિ દેવળીયા ખાતે કોતરણીકામ, ટોઈલેટ, રંગરોગાન, પેવર બ્લોક, યજ્ઞ શાળા, સોલાર પેનલ સહિતની સુવિધાઓ ઉભી થશે.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીનાં હઠીલા હનુમાનજીની ડેરીના**

ધાર્મિક દબાણો દૂર કરવા બાબતે સુપ્રીમ કોર્ટ દ્વારા વખતો વખત સૂચનાઓ આપવામાં આવેલ છે તેમજ કલેકટરની અધ્યક્ષતામાં યોજયેલા મીટીંગમાં આ બાબતે ખૂબ જ ગંભીરતાથી લઈ તાત્કાલીક કાર્યવાહી કરવા જણાવેલ છે. જેથી વખતો વખતના પરિપત્રો તથા કાયદાની જોગવાઈઓને આધીન આ નોટીસ દ્વારા જણાવવામાં આવે છે કે, અમરેલી નગરપાલિકા/સીટી સર્વે હદ વિસ્તારમાં સવજીપરા રોડ, ડી.એમ. પટેલના ઘર પાસે આવેલ ધાર્મિક બાંધકામ જે હઠીલા હનુમાનજીની ડેરી નામે ઓળખાય છે તે અંગેના અધિકૃત આધાર પુરાવાઓ જેવા કે બાંધકામ કરવાની મંજુરી, રજાચીઠ્ઠી તથા મંજુર નકશો, સદર બાંધકામને લગત રેવન્યુ આધાર પુરાવાઓ, સીટી સર્વેના રેકર્ડ આધારિત પુરાવાઓ, જમીનની માલિકીને લગત ડોકયુમેન્ટસ વિગેરે તમામ સાધનિક કાગળો જાહેર રજાના સિવાયનાં દિવસોમાં આ નોટીસ મળ્યાના દિન–૭ (સાત)માં રજુ કરશો.

વધુમાં આપને જણાવવામાં આવે છે કે, જો આપના (ટ્રસ્ટ/સંચાલક/મંડળ/કમિટી) દ્વારા કોઈપણ પ્રકારની મંજુરી વગર ઉપરોકત પ્રકારનું ગેરકાયદેસર ધાર્મિક દબાણ બાંધકામ કરવામાં આવેલ હોય તો આ નોટીસ મળ્યાથી તાત્કાલીક અસરથી આ પ્રકારનાં ગેરકાયદેસર/બિનઅધીકૃત દબાણ દૂર કરશો. આવુ નહી કરતા સરકારના પ્રવર્તમાન કાયદાની જોગવાઈઓ હેઠળ તમોએ કરેલા દબાણ તમારા ખર્ચે, જોખમે અને જવાબદારીએ દૂર કરવાની કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

વધુમાં જણાવવાનું કે, સદર ધાર્મિક બાંધકામ બાબતે કોર્ટના કોઈ મનાઈ હુકમ હોય તો તે પણ ઉકત સમયમર્યાદામાં અત્રે રજુ કરવા આથી જણાવવામાં આવે છે. તેમ અંતમાં જણાવેલ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૬૬ | ૧૪૬૬ |
| ૨ | અડદ | ૧૩૮૫ | ૧૩૮૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં | ૫૧૨ | ૫૩૨ |
| ૨ | શીંગ ફાડા | ૧૦૧૫ | ૧૨૦૧ |
| ૩ | જીરૂ | ૩૫૦૦ | ૪૫૫૦ |
| ૪ | સોયાબીન | ૮૦૭ | ૮૧૨ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૬૫ |
| ૨ | ચણા | ૧૧૨૦ | ૧૨૩૫ |
| ૩ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૩૦ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૫૬ | ૫૩૦ |
| ૫ | સોયાબીન | ૭૦૩ | ૮૦૬ |
| ૬ | તલ સફેદ | ૨૩૬૫ | ૨૩૬૫ |
| ૭ | ધાણા | ૧૧૮૦ | ૧૩૦૦ |
| ૮ | જુવાર | ૭૪૦ | ૭૪૦ |
| ૯ | રાય | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૩૨૦ | ૧૪૫૦ |

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલી આદર્શ નિવાસી શાળામાં**

કેળવણી મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે અને ગરીબ પરિવારનાં બાળકોને શૈક્ષણિક કીટ ઉપરાંત સાયકલ પણ નિઃશુલ્ક આપે છે.

પરંતુ અમરેલીમાં એક વર્ષથી બાળકોને આપવાની સાયકલનો મસમોટો જથ્થે બાળકોને અપાયો નથી અને સરકારનો હેતુ સિધ્ધ થતો નથી. આ અંગે જે કોઈ અધિકારી કે કર્મચારી જવાબદાર હોય તેની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવી જરૂરી બની છે.

આશ્ચર્યજનક બાબત એ છે કે, તાજેતરમાં શાળા પ્રવેશોત્સવ–૨૦૨૪ની ઉજવણી પણ પૂર્ણ થઈ છતાં પ્રવેશોત્સવ–૨૩ની સાયકલ બાળકોને વિતરણ કરવામાં ન આવી. આ અંગે અમરેલી જિલ્લાનાં તમામ ધારાસભ્યો અને સાંસદે ગંભીરતાથી કાર્યવાહી હાથ ધરાવવી પડશે નહી તો સરકારી યોજનાઓનો કોઈ મત્તલબ રહેશે નહી.

## :: જાહેર નોટિસ ::

અરજદારઃ ભગવાનભાઈ રાઘવભાઈ બોરડ – ૧

**વિરૂધ્ધ**

સામાવાળાઃ હાલ કોઈ નથી

બાબત : સ્કીમ અરજી ક્રમાંક : ૦૨/૨૦૨૪ અંગે

સંદર્ભ : વિરપુર કેળવણી મંડળ – વિરપુર

નો.નં.ઈ/૨૭૬/અમરેલી

ઉપર જણાવેલ અરજદારએ સંયુકત ચેરિટ કમિશનશ્રી ભાવનગર સમક્ષ સને–૧૯૫૦ના ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટો બાબતના અધિનિયમની કલમ–૫૦(અ) મુજબની અરજી કરીને એવી દાદ માંગી છે કે ઉપર જણાવેલ ટ્રસ્ટનો વહીવટ સુવ્યવસ્થિત રીતે ચાલે તે માટે સ્કીમ ઘડવાની જરૂર છે.

તેથી સદરહું ટ્રસ્ટમાં હિત ધરાવનાર સઘળાને આથી ખબર આપવામાં આવે છે કે સદર ટ્રસ્ટના સંચાલન અને વહીવટ માટે સ્કીમ એટલે કે યોજના ઘડવી કે કેમ ? અને ઘડવી તો કેવી ? તે અંગે ટ્રસ્ટમાં હિત ધરાવનાર કોઈને જો વાંધા, સુચનો કે રજુઆતો કરવી હોય, તો તેવી રજુઆતોની બે નકલ, જેમાં એક નકલ જરૂરી પ્રમાણીત આધાર પુરાવાઓ અને તેના સમર્થનમાં સોગંદનામાની સાથે નીચે જણાવેલા ટ્રસ્ટ/અરજદારના સરનામે મોકલવી તથા તેની પ્રત અત્રેની કચેરીને રજી.પો.એડી.થી મોડામાં મોડા તા.૨૧/૦૮/૨૦૨૪ સુધીમાં કે તે પહેલા મળે તે રીતે મોકલી આપવા આથી જાણ કરવામાં આવે છે.

સ્કીમ અરજીની સુનાવણીની તથા આવેલ વાંધા, રજુઆતોની સુનાવણીની કાર્યવાહી અત્રેની કચેરીમાં તા.૨૨/૦૮/૨૦૨૪ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે હાથ ધરવામાં આવશે. લેખીત વાંધા, સુચન, રજુઆત કરનારે ઉપર જણાવેલ સુનાવણીના સમયે અત્રેની કચેરીમાં અચુક જાતે કે માન્ય પ્રતિનીધી મારફતે અસલ આધારો સાથે હાજર રહેવુ. તેમ કરવામાં કસુર કર્યેથી જોગવાઈ અનુસાર સંસ્થા હિતમાં આગળ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની સ્પષ્ટ નોંધ લેશો.

| ટ્રસ્ટ/અરજદારનું સરનામું | કચેરીનું સરનામું |
|---|---|
| ભગવાનભાઈ રાઘવભાઈ બોરડ રામજી મંદિરની પાસે, માંડવડા, મોટા માંડવડા, જી.અમરેલી | સંયુકત ચેરિટી કમિશનરશ્રીની કચેરી, ભાવનગર પ્લોટ નં.૪૫૬/એ, શિશુવિહાર પાસે, પ્રભુદાસ તળાવ, ભાવનગર |

આજ તા.૩૦/૦૭/૨૦૨૪ ના રોજ મારી સહી અને કચેરીની મુદ્રા હેઠળ આપી.

તૈયાર કરનાર :
બી.બી. ગોહિલ
હિસાબનીશ


(સી.કે.જોષી)
સંયુકત ચેરિટી કમિશનર,ભાવનગર

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૩૭૫ | ૨૪૬૦ |
| ૨ | તલ પીળા | ૩૩૦૦ | ૩૩૦૦ |
| ૩ | કપાસ | ૧૩૬૦ | ૧૫૧૧ |
| ૪ | બાજરો | ૪૭૭ | ૫૧૯ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૭૬ | ૫૩૫ |
| ૬ | જુવાર | ૭૩૬ | ૭૯૫ |
| ૭ | મગ | ૧૪૧૪ | ૧૪૧૪ |
| ૮ | ચણા | ૧૦૦૧ | ૧૩૦૦ |
| ૯ | શીંગદાણા | ૧૫૬૧ | ૧૫૬૧ |

# અમરેલીની સાયન્સ એન્ડ આર્ટસ કોલેજનાં એનસીસી કેડેટસ દ્વારા કેમ્પમાં બેસ્ટ પર્ફોમન્સ



અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કમાણી સાયન્સ કોલેજ અને પ્રતાપરાય આર્ટસ કોલેજના ૬, ગુજરાત બટાલીયન એનસીસી, ભાવનગર દ્વારા તા. ૨૨/૭/૨૦૨૪ થી તા. ૩૧/૭/૨૦૨૪ સુધી સોનગઢ ખાતે આયોજીત CATC કેમ્પમાં કોલેજના ૪૬ કેડેટસોએ ભાગ લીધેલ હતો. તેમાં કેડેટસ દ્વારા બેસ્ટ ઈન ડ્રીલ તથા બેસ્ટ ઈન એનસીસી સોંગમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ તથા કોલેજના ચાર કેડેટસ ખાડા ધર્મરાજ (બેસ્ટ ડ્રીલ ઈન કેમ્પ), ગોહિલ કૌશિક તથા પરમાર મિલન (બેસ્ટ પાઈલોટીંગ) અને મોરવાડીયા ભાર્ગવ (બેસ્ટ સર્વિસ) માટે ગોલ્ડ મેડલ મેળવેલ છે. કોલેજના ચાર કેડેટસ બટાલીયન કક્ષાએ દિલ્હી મુકામે યોજાનાર પ્રજાસતાક દિનની પરેડ માટે પસંદગી પામેલ છે. આ તકે કોલેજનાં પ્રિન્સિપાલ ડો. અતુલભાઈ પટેલ, એનસીસી ઓફિસર લેફ.ડો.પી.એમ. વ્યાસ તથા તમામ સ્ટાફ પરિવાર અભિનંદન પાઠવ્યા હતા તેમજ આગળના સમયમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

### તાલુકા કાનૂની સત્તા સેવા મંડળ દ્વારા

# અમરેલી ખાતે મહિલા દિન નિમિત્તે મહિલા પોલીસનાં સહયોગથી રેલી યોજાઇ

**જુદી-જુદી શાળાની વિદ્યાર્થીનીઓ જોડાઇ**

અમરેલી, તા. ૧

મહિલા દિવસ નિમિતે, અમરેલી તાલુકા કાનુની સતા સેવા મંડળ દ્વારા અને અમરેલી મહિલા પોલીસ ડીપાર્ટમેન્ટ દ્વારા તેમજ એન.સી.સી. કેડેટ, દિપક હાઈસ્કૂલની વિદ્યાર્થીનીઓ તેમજ અન્ય અમરેલીની સ્કુલોમાંથી આવેલ વિદ્યાર્થીનીઓ તેમજ પીએસઆઈ સોની તેમજ મહિલા પીએસઆઈ કથીરી તેમજ અમરેલી તાલુકા કાનુની સત્તા મંડળ માંથી પીએલવી મુકેશભાઈ ભટ્ટ (સોનલ) તેમજ પીએલવી રાજવીર ગોહિલ ધ્વારા એક સફળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.




### ડુંગર પોલીસ દ્વારા ઉમદા કામગીરી કરાઈ

# રાજુલા : દેવકા ગામની નોબલ વર્લ્ડ સ્કૂલની હોસ્ટેલમાંથી કહ્યા વગર જતો રહેલ વિદ્યાર્થી મળી આવ્યો

**રાજુલાના હઠીલા હનુમાનજી મંદિરેથી બાળક મળી આવ્યો**

રાજુલા, તા. ૧

રાજુલાના દેવકા ગામે આવેલ નોબેલ વર્લ્ડ સ્કુલમાં આવેલ હોસ્ટેલમાં રહી ધોરણ ૧૦ માં અભ્યાસ કરતા પરેશભાઈ મહેશભાઈ મકવાણા (રહે.જાફરાબાદ) વાળો વહેલી સવારના કોઈને કહ્યા વગર હોસ્ટેલમાંથી જતો રહેલ હોય. જે અંગે તેના માતા-પિતા તેમજ હોસ્ટેલના ગૃહપતિએ ડુંગર પોલીસ સ્ટેશને આવી જાણ કરતા તુરંત ડુંગર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. આર.એચ.રતન દ્વારા તાત્કાલીક બે ટીમ બનાવી ગુમ થનાર વિદ્યાર્થીને શોધી કાઢવા હ્યુમન સોર્સ તેમજ ટેકનીકલ સોર્સથી તપાસ કરતા ગુમ થનાર પરેશભાઈ મહેશભાઈ મકવાણા રાજુલા બાજુ ગયેલ હોય. જેથી તરતજ પોલીસ ટીમ રાજુલા



ખાતે જઈ રાજુલા હઠીલા હનુમાનજીના મંદિર ખાતેથી ગુમ થનાર પરેશભાઈ મહેશભાઈ મકવાણા મળી આવેલ જેથી તેના માતા-પિતા તથા શાળાના સંચાલકો તથા બાળકની વિગતવાર પુછપરછ કરતા બાળકને અભ્યાસ અહિંયા ન કરવો હોય જે કારણસર પોતાની મેળે જતો રહેલ હોવાનુ જાણાવતો હોય જેથી બાળકને હેમખેમ તેના માતા-પિતાને સોંપી આપેલ છે

# બાબરા : સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે મુન્શી પ્રેમચંદ જન્મજયંતિ ઉજવવામાં આવી

બાબરા તા.૧

સરકારી વિનયન અને વાણિજય કોલેજ, બાબરા ખાતે તા.૩૧/૭/૨૦૨૪ બુધવારના રોજ હિન્દી વિભાગ દ્વારા હિન્દી સાહિત્ય સમ્રાટ ઉપન્યાસકાર મુંશી પ્રેમચંદ જન્મજયંતિ સમારોહ નિમિતે સમાજશાસ્ત્ર વિભાગાધ્યક્ષ ડો. હિંમત મકવાણાની અધ્યક્ષતા હેઠળ મુંશી પ્રેમચંદના જીવન-ચરિત્ર તથા તેમના સાહિત્ય વિશે પ્રકાશ પાડવામાં આવેલ હિન્દી વિભાગાધ્યક્ષ પ્રો.ડો.નિરૂબેન બોરિસાણિયા દ્વારા આપણાં જીવનમાં સંઘર્ષથી લઈ સફળતા મેળવવા સુધી ભાષાનું શું મહત્વ છે તેના વિશેનું માર્ગદર્શન આપવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ટી.વાય. બી.એ. ની વિદ્યાર્થીની બસિયા વિરલે કરેલ. શાબ્દિક સ્વાગત મકવાણા તુલસી તથા આભાર વિધિ ધમણ તનિશા દ્વારા



કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ભાગ લેનાર વકતા તરીકે (૧) પંચાસરા વિશાખા (૨) જાદવ આરતી (૩) સુસરા કાજલ (૪) અગ્રાવત માહી (૫) ખાચર પાયલ (૬) ગોયલ કાજલ (૭) રાઠોડ કિંજલ વગેરે બહેનોએ વકતવ્ય આપેલ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.અત્રેની કોલેજના આચાર્યશ્રીના માર્ગદર્શન તથા સમગ્ર સ્ટાફના સાથ-સહકારથી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

### ગૃહે ધ્વનિ મત દ્વારા બિલની રજૂઆતને મંજૂરી આપી

# સરકારે લોકસભામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ બિલ, ૨૦૨૪ રજૂ કર્યું

નવી દિલ્હી, તા.૧

કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે બુધવારે લોકસભામાં વાયનાડ દુર્ઘટના પર ચર્ચા-વિચારણા કરી હતી. આ ચર્ચા દરમિયાન અમિત શાહે કહ્યું હતું કે, ''આ સત્રમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ પર બિલ લાવવામાં આવશે.'' જેના ૨૪ કલાકની અંદર જ અમિત શાહે પોતાનું વચન પૂરું કર્યું અને બીજા જ દિવસે એટલે કે આજે ગુરુવારે સંસદમાં આ બિલ રજૂ કરવામાં આવ્યું છે. સરકારે લોકસભામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ (સુધારા) બિલ, ૨૦૨૪ રજૂ કર્યું, જે ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫માં સુધારો કરે છે.કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે ગૃહમાં આ બિલ રજૂ કર્યું. આ દરમિયાન કોંગ્રેસના સાંસદ મનીષ તિવારી અને તૃણમૂલ કોંગ્રેસના સૌગત રોયે તેનો વિરોધ કર્યો હતો. જો કે, બિલને ધ્વનિ મતથી રજૂ કરવામાં આવ્યું હતું. આ પહેલા આ બિલની રજૂઆતનો વિરોધ કરતા કોંગ્રેસના સાંસદ મનીષ તિવારીએ આરોપ લગાવ્યો હતો કે, ''આ બિલમાં રાજ્ય સરકારના અધિકારોનું અતિક્રમણ કરવામાં આવ્યું છે. સરકારે સમવર્તી યાદીમાં સુધારો કરવો જોઈએ અને યોગ્ય એન્ટ્રી કરવી જોઈએ જેથી કરીને આપત્તિના વિષયને યોગ્ય રીતે આવરી લેવામાં આવે.'' તિવારીએ ડિઝાસ્ટર મેનેજમેન્ટના સંદર્ભમાં કાયદાકીય સત્તાઓને યોગ્ય રીતે વ્યાખ્યાયિત કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. રાજ્ય સરકારોને મ્યુનિસિપલ સંસ્થાઓ માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલની સ્થાપના કરવાની મંજૂરી આપવા માટેના બિલમાં જોગવાઈનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, ''દિલ્હી અને ચંદીગઢને તેમાંથી બહાર રાખવામાં આવ્યા છે. સરકારે આ અંગે સ્પષ્ટતા આપવી જોઈએ.'' તૃણમૂલ કોંગ્રેસના સૌગતા રોયે કહ્યું કે, ''બિલ મુજબ ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટે બહુવિધ ઓથોરિટી બનાવવાથી વિરોધાભાસની સ્થિતિ વધશે.'' જેના પર કેન્દ્રીય મંત્રી નિત્યાનંદ રાયે કહ્યું કે, ''યોગ્ય ડિઝાસ્ટર મેનેજમેન્ટ સુનિશ્ચિત કરવા માટે વધુ સંસ્થાઓ બનાવવાની જોગવાઈ છે. આ વિધેયક ઘણા ડિઝાસ્ટર મેનેજમેન્ટ નિષ્ણાતોની સલાહ અને સૂચનોને ધ્યાનમાં લઈને અને તેમની ચિંતાઓને ધ્યાનમાં લઈને લાવવામાં આવ્યું છે.'' ત્યારબાદ ગૃહે ધ્વનિ મત દ્વારા બિલની રજૂઆતને મંજૂરી આપી હતી.

### આરોપોનો જવાબ આપતા રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું

# અમે માત્ર રીલ બનાવનારા નથી, અમે કામ કરનારા લોકો છીએ

**રેલ મંત્રીએ આરોપ લગાવ્યો કે કોંગ્રેસ સોશિયલ મીડિયા પર પોતાની ટ્રોલ આર્મી દ્વારા જુઠ્ઠાણું ફેલાવે છે**

નવી દિલ્હી, તા.૧

સંસદમાં કોંગ્રેસના આરોપોનો જવાબ આપતા રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે અમે માત્ર રીલ બનાવનારા નથી, અમે કામ કરનારા લોકો છીએ. રેલવે અકસ્માતો પર વિપક્ષના હોબાળા પર નારાજગી વ્યક્ત કરતા અશ્વિની વૈષ્ણવે કહ્યું કે જે લોકો અહીં બૂમો પાડી રહ્યા છે તેમને પૂછવું જોઈએ કે તેઓ સત્તામાં હતા ત્યારે ૫૮ વર્ષમાં એક કિલોમીટર સુધી પણ ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન (ATP) કેમ લગાવી શક્યા નથી.સંસદમાં બોલતી વખતે વિપક્ષી સાંસદોના હંગામાને કારણે રેલ મંત્રી ગુસ્સે થઈ ગયા હતા. આ દરમિયાન વિપક્ષના સાંસદોને ગુસ્સામાં બેસવા માટે કહેવામાં આવ્યું હતું. હંગામો મચાવતા તેમણે વિપક્ષી સાંસદોને કહ્યું, ''ચુપ રહો, બેસો. બેસો. ચાલો કંઈપણ ન બોલો.રેલ્વે મંત્રીએ કહ્યું, ''આજે તેઓ આ પ્રશ્ન ઉઠાવવાની હિંમત કરી રહ્યા છે, જ્યારે મમતા બેનર્જી રેલ્વે મંત્રી હતા, ત્યારે આ લોકો ગૃહમાં તાળીઓ પાડતા હતા જ્યારે અકસ્માતનો આંકડો ૦.૨૪ થી ઘટીને ૦.૧૯ પર આવ્યો હતો અને આજે જ્યારે તે ૦.૧૯ થી નીચે ૦.૦૩ પર આવ્યો છે. તેઓ આ પ્રકારનો આરોપ લગાવે છે.''અશ્વિની વૈષ્ણવે સ્પીકરને પૂછ્યું કે શું આ દેશ આ રીતે ચાલશે? રેલ મંત્રીએ આરોપ લગાવ્યો કે કોંગ્રેસ સોશિયલ મીડિયા પર પોતાની ટ્રોલ આર્મી દ્વારા જુઠ્ઠાણું ફેલાવે છે.

તેમણે કહ્યું, ''જ્યારે અયોધ્યામાં સ્ટેશનની જૂની દિવાલ પડી ત્યારે સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસે તરત જ આ મુદ્દાને ઉપાડ્યો હતો. આવા જુઠ્ઠાણાથી દેશ કેવી રીતે ચાલશે? રોજના બે કરોડ મુસાફરો મુસાફરી કરે છે. શું તેમના મનમાં આ ડર બેસાડવો જોઈએ?''રેલ્વે મંત્રીએ સંસદમાં જણાવ્યું હતું કે અકસ્માતોને રોકવા માટે સમગ્ર દેશમાં માનવરહિત રેલ્વે ક્રોસિંગ બનાવવામાં આવ્યા છે, જ્યાં દર વર્ષે સ્કૂલ બસ અથવા અન્ય કોઈ અકસ્માત થતો હતો.સ્ટેશનોનું સંપૂર્ણ નિયંત્રણ ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ દ્વારા કરવામાં આવે છે. તે ૧૯૮૦-૯૦ના દાયકામાં વિશ્વના મોટા દેશોમાં શરૂ કરવામાં આવ્યું હતું. કામ ધીમી ગતિએ ચાલી રહ્યું હતું. તેમણે કહ્યું કે ૨૦૧૪માં સરકારમાં આવ્યા બાદ અમે ૨૦૧૫માં છૂ વિકસાવવાનો સંકલ્પ કર્યો હતો અને ૨૦૧૬માં કવચની ટ્રાયલ શરૂ થઈ હતી. કોવિડ હોવા છતાં, ૨૦૨૦-૨૧માં વિસ્તૃત ટ્રાયલ હાથ ધરવામાં આવી હતી, ત્રણ ઉત્પાદકોની ઓળખ કરવામાં આવી હતી અને ૨૦૨૩ માં ત્રણ હજાર કિલોમીટરનો પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો અને આજે અમે એવી સ્થિતિમાં છીએ જ્યાં બે ઉત્પાદકો જોડાવાના છે, અમે આઠ હજારથી વધુને તાલીમ આપી છે.તેમણે કહ્યું, હવે અમે ૯૦૦૦ કિલોમીટર માટે ટેન્ડર પ્રક્રિયામાં છીએ અને થોડા મહિનામાં તે પાંચ હજાર લોકોમોટિવ્સ પર સ્થાપિત થવાનું શરૂ થઈ જશે. અમારી પાસે લગભગ ૭૦ હજાર કિલોમીટરનું રેલ નેટવર્ક છે. અડધા નેટવર્ક ધરાવતા દેશોએ એટીપી ઈન્સ્ટોલ કરવામાં લગભગ ૨૦ વર્ષનો સમય લીધો હતો. હું તમને ખાતરી આપવા માંગુ છું કે અમે કવચ સ્થાપિત કરવામાં કોઈ કસર છોડીશું નહીં.

વિપક્ષ રેલ્વે મંત્રીના રાજીનામાની માંગણી કરી રહ્યા છે વારંવાર થતા રેલ્વે અકસ્માતોને કારણે. તેમનું કહેવું છે કે જ્યારે આટલા રેલ્વે અકસ્માતો થઈ રહ્યા છે ત્યારે રેલ્વે મંત્રીએ રાજીનામું આપવું જોઈએ. છેલ્લા ૧૫ દિવસમાં ૮ રેલ અકસ્માતો થયા છે. જુલાઈ મહિનાની જ વાત કરીએ તો ચંદીગઢ-ડિબ્રુગઢ રેલ દુર્ઘટના ૧૮ જુલાઈના રોજ થઈ હતી, જેમાં ૪ લોકોના મોત થયા હતા અને ૩૧ લોકો ઘાયલ થયા હતા. ગુજરાતના વલસાડમાં ૧૯મી જુલાઈએ માલગાડી પાટા પરથી ઉતરી ગઈ હતી, ૨૦મી જુલાઈએ યુપીના અમરોહામાં માલગાડીના ૧૨ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા. ૨૧ જુલાઈએ રાજસ્થાનના અલવરમાં માલગાડીના ત્રણ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા.

૨૧ જુલાઈએ જ પશ્ચિમ બંગાળના રાણાઘાટમાં એક માલગાડી પાટા પરથી ઉતરી ગઈ હતી. ૨૬ જુલાઈના રોજ, ઓડિશાના ભુવનેશ્વરમાં એક માલસામાન ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ હતી, ૨૯ જુલાઈએ બિહારના સમસ્તીપુરમાં બિહાર સંપર્ક ક્રાંતિના ડબ્બા અલગ થઈ ગયા હતા અને ૩૦ જુલાઈએ હાવડાથી મુંબઈ જતી પેસેન્જર ટ્રેન ઝારખંડના ચક્રધરપુરમાં પાટા પરથી ઉતરી ગઈ હતી.

### મહીસાગર જિલ્લા ભાજપના કાર્યકરોમાં ચર્ચાનો વિષય બન્યો

# ભાજપના કાર્યાલય મંત્રી જીગર પંડ્યાને કોર્ટ સજા ફટકારી

**વર્ષોથી લુણાવાડા નગરપાલિકા કોંગ્રેસની હતી જે બીજેપીમાં ફેરવવાની મહત્વની ભૂમિકા જીજ્ઞેશ પંડ્યાએ ભજવી હતી**

લુણાવાડા,તા.૧

વર્ષોથી લુણાવાડા નગરપાલિકા કોંગ્રેસની હતી જે બીજેપીમાં ફેરવવાની મહત્વની ભૂમિકા જીજ્ઞેશ પંડ્યાએ ભજવી હતી ત્યારે જિલ્લા ભાજપના કાર્યાલય મંત્રી દ્વારા જેતે સમયે ભાજપના જ કોર્પોરેટરને અને હાલ પૂર્વ કોર્પોરેટરને પોલીસ મથકે જાનથી મારી નાખવાની ધમકી આપી માર મારતા મહીસાગર જિલ્લા ભાજપના કાર્યકરોમાં ચર્ચાનો વિષય બન્યો હતો.

લુણાવાડા નગરપાલિકાના કોર્પોરેટર જીજ્ઞેશકુમાર મોતીલાલ પંડ્યા તેમના મિત્ર ને જીગર પંડ્યા વિરુદ્ધ ફરિયાદ આપવાની હોવાથી લુણાવાડા પોલીસ મથકે સાથે ગયા હતા.

તે દરમ્યાન પોલીસ અને અન્ય મિત્રોની હાજરીમાં જિલ્લા ભાજપના કાર્યાલય મંત્રી જીગર પંડ્યા આવી ગંદી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી તથા પોલીસ મથકે કોર્પોરેટર જીજ્ઞેશ પંડ્યા સાથે મારામારી કરતા જીગર પંડ્યા પર પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

આ કેસ ટ્રાયલ પર ચાલતા પંચો અને સાક્ષીઓને તપાસતા અને સરકારી વકીલ યોગેશ ગોસાઈ દ્વારા ધારદાર દલીલો કરતા હાલ જિલ્લા ભાજપના કાર્યાલય મંત્રી જીગર પંડ્યાને કોર્ટ દ્વારા ૧ મહિનાની સજા તેમજ ૧ હજાર રૂપિયાનો દંડ અને દંડ ન ભરે તો ૧૦ દિવસની સાદી કેદની સજા ફટકારવામાં આવી છે.

ત્યારે આવા લોકો ભાજપ પક્ષ ના પડખે રહી ગુનાહિત પ્રવુત્તિઓ કરી રહયા છે ત્યારે આવા લોકો ને જિલ્લા ભાજપ કેમ સાચવી રહયું છે ? ત્યારે હાલ જિલ્લા પ્રમુખના ખાસ કહેવાતા જીગર પંડ્યાનું ભાજપ રાજીનામુ લે છે કે કેમ એ જોવાનું રહ્યું.

### નાયબ દંડક કૌશિક વેકરિયા લોકપ્રશ્નો સાંભળશે

# ભૈવાહ : વડિયાની મામલતદાર કચેરી ખાતે શનિવારે યોજાશે લોક દરબાર

**અરજદારોને સવારે ૧૦ કલાકે ઉપસ્થિત રહેવા જણાવાયું**

અમરેલી, તા.૧

અમરેલી વિધાનસભાના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયા દ્વારા પોતાના મત વિસ્તાર વડિયા કુંકાવાવ તાલુકાના લોકોના રેલવે વિભાગ , પોલીસ વિભાગ , આરોગ્ય વિભાગ ,પીજીવીસીએલ વિભાગ, ફોરેસ્ટ વિભાગ, વાહન વ્યાવહાર વિભાગ, માર્ગ મકાન વિભાગ, આઈસીડીએસ વિભાગ, પ્રાંત અધિકારીની કચેરી, મામલતદાર કચેરી, તાલુકા પંચાયત કચેરી સાથે સંકળાયેલ લોકોના વણઉકેલ્યા



પ્રશ્નનો માટે ઉપરોક્ત તમામ અધિકારીઓની હાજરીમાં સાંભળીને તેમનું નિરાકરણ લાવવા માટે એક અનોખી પહેલ કરી છે. સમગ્ર તાલુકાના લોકોને સરકારી કચેરીઓના મુંઝવતા પ્રશ્નો કે ફરિયાદો હોય તેવા તમામ લોકોને ૩મી ઓગસ્ટને શનિવારે સવારે ૧૦ કલાકે વડિયા મામલતદાર કચેરી ખાતે ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે. નાયબ મુખ્ય દંડકની આ લોકોના પ્રશ્ન અને સમસ્યાઓના નિવારણ માટેની લોક ઉપયોગી અનોખી પહેલથી આયોજિત થયેલા લોકદરબારથી લોકોમાં ખુશી વ્યાપી છે.

# સાવરકુંડલા :કબીર ટેકરી ખાતે નેત્ર નિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો




સાવરકુંડલા, તા. ૧

સાવરકુંડલા શહેરની મધ્યમાં આવેલ દર્શનીય અને રમણીય યાત્રાધામ કબીર ટેકરી ખાતે સદગુરૂ કબીર સાહેબ સેવા ટ્રસ્ટ અને નાગરદાસ ધનજી સંઘવી ટ્રસ્ટની નેત્રાલય હોસ્પિટલ દ્વારા વિનામૂલ્યે નેત્ર નિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પનુ આયોજન કરવામાં આવેલ. આ કેમ્પમાં આંખોના રોગથી પીડાતા દર્દીનારાયણ માટે ઓપરેશન વિનામૂલ્યે કરવામાં આવ્યુ હતુ. કેમ્પની અંદર ઓ.પી.ડી.માં ૭૭ દર્દીઓ લાભ લધી હતો. તેમજ મોતિયાના ઓપરેશનો માટે ૧૨ દર્દીઓએ લાભ લીધો હતો. આ કેમ્પનું દિપ પ્રાગટય કબિર ટેકરી મહંત નારણદાસ, અરૂણભાઈ લાયન્સ કલબ ઓફ અમરેલીમાંથી જયેશભાઈ પંડયા, વિમલભાઈ જોબનપુત્રા, મનોજભાઈ કાનાણી સામાજિક સેવા સંસ્થાન બચુભાઈ જીવરાજભાઈ સ્મારક ટ્રસ્ટના ટ્રસ્ટી વિશાલભાઈ વ્યાસ, જિતેનભાઈ હેલૈયા, જગદીશભાઈ જેઠવા તથા પટેલ બેટરીવાળા વિઠલભાઈ સુદર્શન નેત્રાલયના કર્મચારી નિલેષભાઈ ભીલ, તથા કબીર ટેકરીના સ્વયંમ સેવકો વગેરે લોકોએ સેવા આપી હતી. આ કેમ્પ દર મહિનાના ચોથા ગુરૂવારે છેલ્લા ૧૩ વર્ષથી યોજાય છે.

### નાયબ દંડક કૌશિક વેકરીયાની રજૂઆત સફળ

# અરે વાહ : નાની કુંકાવાવ વી.ટી. (બંધારા)નાં રીનોવેશન માટે રૂપિયા ૭૦.૫૨ લાખ મંજુર

**આજુબાજુનાં ગ્રામજનોમાં ખુશીનો માહોલ**

કુંકાવાવ,તા.૧

કુંકાવાવ-વડિયા તાલુકાના નાની કુંકાવાવ ગામે વી.ટી.રિનોવેશનની માંગણી હતી જેને યોગ્ય મંચ પર ઉઠાવી અને ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી હતી.વિધાનસભાના નાયબ દંડકની રજુઆતના પગલે રાજય સરકારને અંદાજિત રૂ. ૭૦.૫૨ લાખની માતબર રકમ આ ચેકડેમના નિર્માણ માટે મંજુર કરી છે. અગાઉ આ કામ માટે એસ્ટીમેન્ટ આશરે ૫૯ લાખ રૂપિયા જેટલું હતું જોકે, ધારાસભ્ય પાસે સ્થાનિક રજુઆતને ધ્યાને લઈ તેની મંજુરીનો વ્યાપ વધારી ૭૦.૫૨ લાખ કરવામાં આવી છે.રિનોવેશનના ટેન્ડર પ્રક્રિયા ટૂંક સમયમાં શરૂ કરી અને ગુણવતાયુકત કામો થાય તે માટે નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈએ સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચના આપી હતી અને સિંચાઈ વિભાગના અધિકારીઓને સત્વરે કામગીરી કરવા સૂચન કર્યુ હતું. આ વી.ટી. નું રિનોવેશન કાર્ય થતા નાની કુંકાવાવ અને આસપાસના ગામના લોકોની પાણીની સમસ્યા દૂર થશે. અમરેલીની પાણીના પ્રશ્ને સ્થાનિક સોર્સ મજબૂત કરી અને સાથે નવા વિકલ્પો શોધી આત્મનિર્ભર બનાવવા ધ્યેય સાથે ધારાસભ્ય કૌશિકભાઈ પ્રયત્નશીલ છે. આ જાહેરાત થતાની સાથે જ આસપાસના વિસ્તારના આગેવાનોમાં ખુશીની લહેર છવાઈ ગઈ છે અને પોતાના ચૂંટાયેલા પ્રતિનિધિને અભિનંદન નો ધોધ વરસાવી રહ્યા છે.

### પૂજા ખેડકરને કોર્ટમાંથી મોટો ફટકો

# પૂજા ખેડકરની આગોતરા જામીન અરજી ફગાવાઈ

**કોર્ટે દિલ્હી પોલીસને UPSCમાંથી કોઈએ પૂજાને મદદ કરી હતી તેની તપાસ કરવાનો પણ નિર્દેશ આપ્યો**

નવી દિલ્હી, તા.૧

બરતરફ ટ્રેઈની IAS ઓફિસર પૂજા ખેડકરને કોર્ટ તરફથી મોટો ઝટકો લાગ્યો છે. તેમની આગોતરા જામીન અરજી પટિયાલા હાઉસ કોર્ટે ફગાવી દીધી છે. ઉપરાંત, પટિયાલા હાઉસ કોર્ટે PSCને તપાસ કરવા કહ્યું છે કે શું અન્ય કોઈ ઉમેદવારે નકલી પ્રમાણપત્રોનો ઉપયોગ કરીને અનામતનો અયોગ્ય લાભ લીધો છે કે કેમ. કોર્ટે દિલ્હી પોલીસને જીઝમાંથી કોઈએ પૂજા ખેડકરને મદદ કરી હતી કે કેમ તેની તપાસ કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો. કોર્ટે પૂજા ખેડકરની કોર્ટમાં હાજરી પર સવાલ ઉઠાવ્યા હતા. તેણી ગેરહાજર હોવા અંગે પણ કોર્ટે અસંતોષ વ્યક્ત કર્યો હતો. કોર્ટે કહ્યું કે જો આરોપી આખા સત્રમાં એકવાર પણ હાજર રહે તો તેને હંમેશા હાજર ગણવામાં આવશે નહીં. UPSCની ફરિયાદ પર દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચે પૂજા ખેડકર વિરુદ્ધ છેતરપિંડીના કેસમાં FIR નોંધી હતી. પૂજા પર યુનિયન પબ્લિક સર્વિસ કમિશનની સિવિલ સર્વિસ પરીક્ષા, ૨૦૨૨ માટેની અરજીમાં 'ખોટી માહિતી આપવાનો' આરોપ મૂકવામાં આવ્યો હતો.

UPSC દ્વારા IAS બનેલી પૂજા ખેડકર મહારાષ્ટ્રમાં ટ્રેઈની ઓફિસર બની હતી. આ દરમિયાન તેમના પર ખાનગી વાહનમાં લાલ લાઈટ, વીવીઆઈપી નંબરનું વાહન અને પોતાની કેબિન માંગવાનો આરોપ હતો. આ પછી તેની પસંદગી પર સવાલો ઉભા થયા હતા જે બાદ તેનું રહસ્ય ખુલ્યું હતું




## સફાઈ કાર્ય બંધ થતાં ઠેકઠેકાણે ગંદકીનો માહોલ ઉભો થતાં રોગચાળાનો ખતરો

# અમરેલી પાલિકાનાં સફાઈ કામદારોની હડતાલનો કોઈ અંત આવતો નથી

**પાલિકા પ્રમુખ, સફાઈકર્મીઓનાં અગ્રણીની પોલીસ અધિકારી સાથે બેઠક યોજાયેલ જે નિષ્ફળ રહી**

**સફાઈ કામદારોની કાયમી કરવાની, કોન્ટ્રાક્ટ પદ્ધતિ બંધ કરવા સહિતની માંગ પૂર્ણ થતી નથી**

**નેતાગીરીનાં અભાવે પાલિકા અને સફાઈ કર્મીઓ વચ્ચે કોઈ સમાધાન થતું ન હોય શહેરીજનો પરેશાન**

**રાષ્ટ્રીય નેતાઓ સાથેનું ફોટેસેશન પૂર્ણ થયું હોય તો હવે શહેરીજનોની સમસ્યા દૂર થાય તો સારૂ**



અમરેલી, તા. ૧

અમરેલી પાલિકાનાં સફાઈકર્મીઓ કાયમી કરવા, કોન્ટ્રાકટર પદ્ધતિથી સફાઈ કાર્ય બંધ કરવા સહિતની માંગને લઈને અઠવાડીયાથી આંદોલન ચલાવી રહ્યા હોય અને શહેરમાં સફાઈ કાર્યમાં વિક્ષેપ ઉભો થયો અને ગઈકાલથી સફાઈની કામગીરી સદંતર બંધ થતાં શહેરમાં બેફામ ગંદકીનો માહોલ જોવા મળી રહ્યો હોય શહેર ઉપરાંત રોગચાળાનો ગંભીર ખતરો ઉભો થયો છે.

પાલિકાનાં શાસકો અને સફાઈ કામદારોનાં અગ્રણીઓની આજે પોલીસ અધિકારીની ઉપસ્થિતિમાં સમાધાન અર્થે બેઠક યોજાઈ હતી. જેમાં પાલિકા પ્રમુખ બિપિન લીંબાણી, નગર સેવક સુરેશભાઈ શેખવા સહિતનાં પદાધિકારીઓ પણ જોડાયા હતા પરંતુ બેઠકમાં સમાધાન ન થતાં સફાઈ કામદારોનાં અગ્રણીએ આગામી

અનુસંધાન પાના ૬ ઉપર

### જિલ્લાભરમાંથી બિસ્માર માર્ગો, રખડતા પશુઓ સહિતની સમસ્યા વિકાળ બની

# અમરેલી જિલ્લામાં આમ આદમીને સ્પર્શતા અગણિત પ્રશ્નોનું યુદ્ધના ધોરણે નિરાકરણ કરો

**જનપ્રતિનિધિઓએ એક પળ ગુમાવ્યા વગર સમસ્યા દુર કરવી પડશે**



અમરેલી, તા.૧

અમરેલી જિલ્લાના દરેક તાલુકાઓ અને ગ્રામ્ય વિસ્તાર સુધી વિકરાળ પ્રશ્નોએ માથુ ઉંચકી છે. ઠેકઠેકાણેથી બિસ્માર માર્ગો જર્જરિત પુલ, ગંદકી, રખડતા પશુઓ, બંધ સ્ટીટ લાઈટ સહિતની સમસ્યાઓ ઉજાગર થઈ રહી છે.

અમરેલી જિલ્લામાં ૮ થી ૧૦ ઈંચ વરસાદ પડતા અનેક માર્ગોની હાલત દયનીય બની ચુકી છે. તો બિસ્માર બનેલ પુલોની ઘટનાઓ પણ પ્રકાશમાં આવી રહી છે. તો રખડતા પશુઓની સમસ્યા પણ વિકરાળ બની છે.

જિલ્લાનાં સરપંચથી લઈને સાંસદ સુધીનાં જનપ્રતિનિધિઓએ એક પણ પળ ગુમાવ્યા વગર જનતાનાં પ્રશ્નોનું નિરાકરણ કરવું જરૂરી બન્યું છે. જનતામાં વહીવટીતંત્રની કાર્યશૈલી સામે દિનપ્રતિદિન રોષનો માહોલ વધી રહયો હોય તેવું સ્પષ્ટ જોવા મળી રહયું છે.

## દામનગરમાં જુના પોલીસ સ્ટેશનનાં બારી-બારણા ગાયબ



સ્વચ્છ સર્વેક્ષણ, સ્વચ્છતા અભિયાન જેવા રૂપાળા સૂત્રોના ધજાગરા થઈ રહ્યા છે. કાર્યક્રમોમાં ફોટા પડાવ્યા પછી કહેવાતા આગેવાનો કે કાર્યકરો સેવા કરવાની બદલે માત્ર પ્રસિદ્ધિ માં જ રસ હોય છે. દામનગર નગરપાલિકામાં વિસ્તાર પ્રમાણે કુલ છ વોર્ડ છે, સફાઈ કામ થતું રહે છે, પરંતુ ગામની મધ્યમાં આવેલ પોલીસ સ્ટેશન (હતું) ત્યાં દેખભાળના અભાવે બારી-બારણાં ગાયબ છે અને ગંદકી-ગંદકી જોવા મળે છે, કહીએ તો ગંદકી વાડો થયો છે આને કારણે માખી-મસ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે. શું આ વિસ્તાર નગરપાલિકાની કે પોલીસ તંત્રની હદમાં નથી આવતો હોય તો પેટ્રોલિંગ કરવામાં આવે અને પૂરતી સફાઈ કરાવવામાં આવે એવી માંગ ઉઠી છે.

### જિલ્લા પ્રવાસન વિકાસ સમિતિનો સર્વાનુંમતે નિર્ણય

# અમરેલીના દેવભૂમિ દેવળીયાનાં પૌરાણિક શિવ મંદિરનો પ્રવાસન સ્થળ તરીકે સમાવેશ

**આગામી દિવસોમાં વિકાસ કાર્યો શરૂ થવાની સંભાવના**

અમરેલી, તા. ૧

અમરેલી નજીક આવેલ દેવભૂમિ દેવળીયા ગામે થોડા વર્ષો પહેલા પૌરાણિક શિવમંદિર મળી આવતાં ગામનાં સરપંચની સતત રજુઆત બાદ

અનુસંધાન પાના ૬ ઉપર

### ભાગીદારીમાં હોસ્ટેલ કર્યા બાદ ભાગીદાર સાથે માથાકૂટ

# રાજુલાનાં માંડરડીનાં વતની અને ભાવનગર જિલ્લાનાં તલાટી મંત્રી સહિત ૨ ઉપર હુમલો

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૧

મુળ રાજુલા તાલુકાના માંડરડીના વતની અને હાલ ભાવનગર, કાળીયાબીડ, સરદાર પટેલ સ્કુલ પાસે રહેતા અને તલાટી મંત્રી તરીકે નોકરી કરતાં દિપકભાઈ પ્રાગજીભાઈ બલદાણીયા અને પ્રતાપભાઈ મુળુભાઈ ગીયડને આજથી આશરે ત્રણેક વર્ષ

અનુસંધાન પાના ૬ ઉપર

# ટીંબીમાં જાહેરમાં જુગાર રમતાં ૬ પત્તાપ્રેમીઓ ઝડપાયા

અમરેલી, તા. ૧

જાફરાબાદ તાલુકાના ટીંબી ગામે રહેતા બચુભાઈ દેવશીભાઈ ગોહિલ, અલારખભાઈ ડોસાભાઈ સરવૈયા, ફિરોઝભાઈ રમજાનભાઈ સાયાની, પ્રકાશભાઈ સદરૂભાઈ લાલાણી, ઈસુબભાઈ જમાલભાઈ સરવૈયા તથા દાદુભાઈ કાળુભાઈ સોરા સહિતના તમામ ઈસમો ટીંબી ગામે ભારત પેટ્રોલ પંપથી આગળ ઉના-ભાવનગર નેશનલ હાઈવે રોડ પુલની બાજુમાં ખુલ્લી પડતર જાહેર જગ્યામાં જાહેરમા પૈસા વડે તીનપતીનો હારજીતનો જુગાર રમતા હોય. પોલીસે દરોડો પાડી કુલ રોકડ રૂપિયા ૧૦,૦૫૦ તથા જુગાર લગત મુદામાલ સાથે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.




### પાલિકાએ ૭ દિવસમાં ખુલાસો કરવા જણાવ્યું

# અમરેલીનાં હઠીલા હનુમાનજીની ડેરીના સંચાલકને આધાર-પુરાવા રજુ કરવા નોટિસ

**મંજુરી વગરનું બાંધકામ હોય તો હટાવી લેવા તાકીદ**

અમરેલી, તા. ૧

અમરેલીની આયુર્વેદિક હોસ્પિટલની નજીક આવેલ હઠીલા હનુમાનજી ડેરીનાં સંચાલકને ચીફ ઓફિસરે નોટીસ પાઠવેલ છે.

નોટીસમાં જણાવેલ છે કે, અમરેલી નગરપાલિકા/ સિટી સર્વે હદ વિસ્તારમાં અગાઉ થયેલ સર્વે અનુસાર

અનુસંધાન પાના ૬ ઉપર




*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)